dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 292 | AD - 2025, Sravan Sud-02 | Saturday, Dt.26-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બિહારમાં ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પર સંસદના બંને ગૃહોમાં હોબાળો ચાલુ રહ્યો

# વિપક્ષી સાંસદોએ એકસાથે મળી સંસદ પરિસરમાં વિરોધ કર્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૫

બિહારમાં ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પર શુક્રવારે સંસદના બંને ગૃહોમાં હોબાળો ચાલુ રહ્યો હતો. આ હોબાળા વચ્ચે, કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે પંચે યાદ રાખવું જોઈએ કે કોઈ દિવસ સત્તા બદલાશે. એસઆઈઆરના આ મામલાએ કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસને એકસાથે લાવ્યા, જેમનો ઘણા મુદ્દાઓ પર કોંગ્રેસથી અલગ મત છે.

વિપક્ષી ગઠબંધન 'ઇન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઇન્કલુઝિવ એલાયન્સ' (ઇન્ડિયા) ના ઘણા ઘટક પક્ષોના સાંસદોએ શુક્રવારે આ મુદ્દે સંસદ ભવનમાં કૂચ કરી હતી. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ અને અન્ય ઘણા પક્ષોના સાંસદોએ આ વિરોધમાં ભાગ લીધો હતો. સંસદ પરિસરમાં જ, વિપક્ષી નેતાઓએ પ્રતીકાત્મક વિરોધમાં કચરાપેટી મૂકી અને પછી એસઆઈઆર લખેલા પોસ્ટરો ફાડીને તેમાં ફેંકી દીધા. ખડગે, રાહુલ ગાંધી અને અન્ય ઘણા સાંસદોએ પણ આવું જ કર્યું. વિપક્ષી સાંસદોએ એક મોટું બેનર પણ હાથમાં રાખ્યું હતું જેના પર એસઆઈઆર - લોકશાહી પર હુમલો' લખેલું હતું. તેઓએ 'એસઆઈઆર પાછો લો' અને 'તાનાશાહી નહીં ચલેગી' ના નારા લગાવ્યા. વિપક્ષી સાંસદોની માંગ છે કે આ મુદ્દા પર સંસદમાં ચર્ચા થવી જોઈએ.




કોંગ્રેસ, રાજદ, ટીએમસી, ડીએમકે, એસપી, જેએમએમ અને ડાબેરીઓ સહિત તમામ પક્ષો ખૂબ જ ઉત્સાહથી વિરોધ પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યા છે. કારણ કે આ પક્ષોને લાગે છે કે તેમની સરકાર જ્યાં પણ હશે ત્યાં એસઆઈઆરની પ્રક્રિયા અપનાવવામાં આવશે. ખાસ કરીને તૃણમૂલ કોંગ્રેસને લાગે છે કે બિહાર ફક્ત એક બહાનું છે, વાસ્તવિક લક્ષ્ય પશ્ચિમ બંગાળ છે. તમિલનાડુના સાંસદો પણ આ જ વાત કહી રહ્યા છે.

વિપક્ષી સાંસદો બિહારમાં ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા પર ચર્ચાની માંગ કરી રહ્યા છે. તેમનો આરોપ છે કે રાજ્યમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી આ પ્રક્રિયા જાહેર પ્રતિનિધિત્વના અધિકાર પર હુમલો છે. વિપક્ષનું કહેવું છે કે આ પ્રક્રિયા દ્વારા લાખો મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે, જે બંધારણ અને લોકશાહી પર ઈરાદાપૂર્વકનો હુમલો છે. શુક્રવારે, જ્યારે વિપક્ષના સભ્યો પ્લેકાર્ડ સાથે ગૃહના વેલમાં આવ્યા, ત્યારે ઓમ બિરલાએ કહ્યું કે વિરોધ નોંધાવવાનો એક રસ્તો છે. જો તમે સંસદ ચલાવવા માંગતા નથી તો ગૃહની કાર્યવાહી આજે બપોરે ૨:૦૦ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવે છે.

લોકસભા મુલતવી રાખતા પહેલા, લોકસભા અધ્યક્ષે વિપક્ષના સભ્યોને નીચલા ગૃહને સામાન્ય રીતે કામ કરવા દેવા વિનંતી કરી અને બેનરો સામે વાંધો ઉઠાવતા કહ્યું કે આ "મડાગાંઠ" યોગ્ય નથી. મડાગાંઠને દૂર કરવા માટે ચર્ચા થશે. સરકારના પ્રતિનિધિઓ પણ હશે. જો કોઈ મતભેદ હોય, તો તે ગૃહના નિયમો અનુસાર વ્યક્ત થવો જોઈએ.

અગાઉ દિવસે, કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે બિહારમાં મતદાર યાદીમાંથી ૫૨ લાખ મતદારોને બાકાત રાખવાના મુદ્દા પર ચર્ચા કરવા માટે સ્થગિત પ્રસ્તાવ નોટિસ આપી હતી. તેમણે તેને ચૂંટણી પંચનો ઉપયોગ કરીને મોદી સરકાર દ્વારા બંધારણ અને લોકશાહી પર આયોજિત હુમલો ગણાવ્યો હતો. ૨૧ જુલાઈના રોજ તેની સ્થાપના થઈ ત્યારથી, સંસદની કાર્યવાહી વારંવાર સ્થગિત કરવામાં આવી છે. ગઈકાલે, વિપક્ષના હોબાળા વચ્ચે સંસદના બંને ગૃહોની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. દરમિયાન, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સંસદ ભવનના મકર દ્વાર ખાતે વિપક્ષ જોડાણ ભારતના સાંસદોના વિરોધમાં ભાગ લીધો હતો. આ વિરોધ શુક્રવારે પાંચમા દિવસે પ્રવેશ્યો છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓએ તેમાં ભાગ લીધો હતો.

# રાજસ્થાનમાં સરકારી શાળા ધરાશાયી થતા ૭ બાળકોના મોત

(એચ.એસ.એલ),જયપુર,તા.૨૫

રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લાના મનોહર થાણા વિસ્તારના પીપલોડી ગામમાં એક સરકારી શાળાની જર્જરિત ઈમારત ધરાશાયી થવાથી થયેલા દુઃખદ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૭ બાળકોના મોતની પુષ્ટિ થઈ



છે. જ્યારે ૨૭ બાળકો ઘાયલ હોવાનું કહેવાય છે. જેમાંથી ૨ બાળકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. અકસ્માત સમયે શાળામાં લગભગ ૬૦ થી ૭૦ બાળકો હાજર હતા. મળતી માહિતી મુજબ, કાટમાળ નીચે દટાયેલા તમામ બાળકોને બહાર કાઢવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ઈમારત ધરાશાયી થતાં જ ગામમાં અફડાતફડી મચી ગઈ હતી. સ્થાનિક ગ્રામજનો, શિક્ષકો અને વહીવટીતંત્રની મદદથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેસીબીની મદદથી કાટમાળ દૂર કરીને બાળકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને ઝાલાવાડની મનોહરથાના હોસ્પિટલ અને એસઆરજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. વહીવટીતંત્ર અને તબીબી વિભાગે હોસ્પિટલોમાં ખાસ વ્યવસ્થા કરી છે. રાજસ્થાનના ઝાલાવાડમાં સરકારી શાળાની છત ધરાશાયી થવાની ઘટના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે.







## મુંબઈ-અમદાવાદ હાઈ-વે પર આવેલ રેસ્ટોરન્ટના ગુજરાતી ભાષાના બોર્ડ મનસેએ તોડી નાખ્યા

પાલઘર,તા.૨૫

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા વિવાદ થંભવાનું નામ લઈ રહ્યો નથી. મનસે સહિતના અમુક રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા મુંબઈવાસીઓ પર મરાઠી ભાષા બોલવા દબાણ કરતાં મારામારીનો એકાદ કિસ્સો રોજબરોજ બની રહ્યો છે. હાલમાં જ મનસેના કાર્યકરોએ મુંબઈ-અમદાવાદ હાઈવે પર આવેલ રેસ્ટોરન્ટ્સના ગુજરાતી ભાષામાં લગાવેલા સાઈનબોર્ડ તોડી નાખ્યા હતાં. પાલઘર અને થાણેમાં મનસેના કાર્યકરોએ મરાઠી ભાષામાં સાઈન બોર્ડ મૂકવાની માગ કરતાં મુંબઈ-અમદાવાદ હાઈવે પર સ્થિત કાઠિયાવાડી રેસ્ટોરન્ટ્સ તેમજ હોટલોના ગુજરાતી ભાષાના સાઈનબોર્ડ તોડી પાડ્યા હતાં. હાલોલી ગામ નજીક સ્થિત રેસ્ટોરન્ટમાં પણ ગુજરાતી ભાષામાં લગાવેલા સાઈનબોર્ડ તોડી પાડ્યા હતાં. મહારાષ્ટ્રમાં ભાષા વિવાદના કારણે સ્થિત વણસી રહી છે. મનસેના કાર્યકરોની મારપીટ અને ગુંડાગીરીથી લોકો ત્રસ્ત બન્યા છે. ઘણી રેસ્ટોરન્ટ અને હોટલ્સના માલિકોએ પોતાના મરાઠી સિવાય અન્ય ભાષામાં લખેલા સાઈનબોર્ડ કાળા કપડાં વડે ઢાંકી દીધા છે.






### લોકલ બસમાં પાંચ અને એક્સપ્રેસ બસમાં રૂા.૮નું ટિકીટ ભાડુ વધ્યું

# ડાયવર્ઝનને કારણે બગસરાથી રાજકોટ જતી બસના ભાડામાં વધારો

### એકબાજુ સમયનો વ્યય તો બીજી બાજુ આર્થિક ડામ, મુસાફરોમાં રોષ

અમરેલી,તા.૨૫

બગસરાથી રાજકોટ જતી એસ.ટી.બસમાં ડાયવર્ઝનને કારણે ભાડામાં વધારો ઝીંકવામાં આવતા મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. વધારેલું ભાડુ પાછુ ખેંચવા માટે માંગ કરવામાં આવી છે. બગસરાથી રાજકોટ જતા રૂટમાં ડાયવર્ઝન કાઢવામાં આવ્યા છે. જેના કારણે એસ. ટી.વિભાગ દ્વારા ટિકિટનો ભાવધારો ઝીંકવામાં આવ્યો છે જેના લીધે મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. એસ.ટી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બગસરાથી રાજકોટ જવા માટે લોકલ બસમાં રૂા.૬ જયારે એક્સપ્રેસમાં રૂા.૮નો ભાવવધારો ઝીંકવામાં આવ્યો છે. આ અંગે આપ આગેવાન કાંતિભાઈ સતાસીયાએ જણાવ્યું છે કે, એસ.ટી. વિભાગ દ્વારા ડાયવર્ઝનને કારણે મુસાફરોને આર્થિક ડામ આપવામાં આવી રહ્યો છે. ડાયવર્ઝનને કારણે મુસાફરોને સમયનો પણ વ્યય થાય છે. છેલ્લાં મહિનાઓમાં મુસાફરો પર ૧૦% ભાવવધારો ઝીંક્યા બાદ રોજીંદા મુસાફરોના માસિક પાસમાં ૧૫ દિવસને બદલે ૧૮ દિવસના પૈસા લેવામાં આવી રહ્યાં છે. આમ, બગસરાથી રાજકોટ જતા મુસાફરોને આર્થિક ડામ આપવામાં આવતો હોવાથી ભારે રોષ ફેલાયો છે.

**બે મહિના ડાયવર્ઝન રહે તો ભાડુ વધે : ડીસી સોલંકી**

બગસરા સહિત અન્ય શહેરોમાં પણ ડાયવર્ઝનને હિસાબે મુસાફરી ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. આ અંગે વિભાગીય નિયામક અતુલ સોલંકીએ જણાવ્યું હતું કે જો બે મહિના કરતા વધારે સમય ડાયવર્ઝન રહે તો ટિકીટમાં ભાડા વધારો લાગુ પડે છે અને આ પરિપત્ર એસ.ટી.વિભાગે કરેલો છે.

# વડીયા-બાટવા-દેવળી રોડ બનાવવા કોઈ એજન્સી તૈયાર નથી: લોકોની હાલાકી યથાવત્

વડીયા,તા.૨૫



અમરેલી જિલ્લાના વડીયાથી ગોંડલ, રાજકોટ જવા માટેનો મુખ્ય માર્ગ વડીયાથી બાટવા-દેવળી ગામ સુધી છેલ્લા ત્રણ-ચાર વર્ષથી અતિ બિસ્માર હાલતમાં છે. આ રોડના નિર્માણ માટે અનેક વખત રજૂઆતો કરવા છતાં તેનું મુહૂર્ત નીકળતું નથી. વડીયાથી ગોંડલ, રાજકોટનો મુખ્ય માર્ગ હોવાથી રોજના હજારો લોકો અહીંથી પસાર થાય છે અને ભારે હાલાકી ભોગવે છે. આ અંગેના અહેવાલો પ્રસારિત થયા બાદ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ રોડ મંજૂર થયો હોવાનું અને નવરાત્રી પછી કામ શરૂ થવાનું જણાવ્યું હતું, પરંતુ દસ મહિના વીત્યા છતાં રસ્તાના કોઈ ઠેકાણા નથી. તાજેતરમાં વડીયા મામલતદાર ઓફિસે યોજાયેલા સ્વાગત કાર્યક્રમમાં, વડીયા ગ્રામપંચાયતના સદસ્ય જુનેદ ડોડીયાએ આ પ્રશ્ન રજૂ કર્યો હતો. જિલ્લા કલેક્ટરની હાજરીમાં જવાબદાર તંત્રએ એવો જવાબ આપ્યો કે, આ રોડ બનાવવા માટે ત્રણ વાર પ્રયત્નો કર્યા પરંતુ કોઈ એજન્સી કામ કરવા માટે ટેન્ડર ભરતી નથી, જેથી આ કામ થતું નથી.

# અંટાળિયા-સાજણટીંબા-હરિપર રોડ પર બ્રિજનું ખાતમુહૂર્ત

**ધારાસભ્ય મહેશ કસવાલા સહિતના આગેવાનો હાજર રહ્યા**

લીલીયા,તા.૨૫



લીલીયા તાલુકાના અંટાળિયા-સાજણટીંબા-હરિપર રોડ પર રૂ. ૮.૫૦ કરોડના ખર્ચે બનનાર હાઈ લેવલ મેજર બ્રિજનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું. આ બ્રિજના નિર્માણથી લીલીયા તાલુકાના વિકાસને વેગ મળશે. આ નવનિર્માણ થનાર બ્રિજનો વર્ક ઓર્ડર પણ તત્કાળ આપી દેવાયો છે અને આવતીકાલથી જર્જરિત બ્રિજ તોડવાની કામગીરી શરૂ થશે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન ભીખુભાઈ ધોરાજીયા, ગૌતમભાઈ વીંછીયા સહિત અંટાળિયા, સાજણટીંબા, હરિપર ગામના સરપંચો, ઉપસરપંચો અને ગ્રામ્ય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રિજ બનવાથી અંટાળેશ્વર મહાદેવ મંદિર આવતા યાત્રાળુઓને પણ સરળતા રહેશે.

# રાજુલા તાલુકાના ભાક્ષી ગામમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૨૫



રાજુલા તાલુકાના વાવેરા શક્તિ કેન્દ્ર હેઠળ આવતા ભાક્ષી નંબર ૧ ગામ ખાતે 'એક પેડ મા કે નામ' વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય કનુભાઈ ધાખડા, ભાક્ષી સરપંચ મંગલુભાઈ ધાખડા, પૂર્વ સરપંચ અરજણભાઈ કાકલોતર, સંદીપભાઈ પીપલીયા, ભુપતભાઈ સરવૈયા તેમજ પ્રાથમિક શાળાના આચાર્ય સહિત શાળાનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમ દ્વારા પહેલ કરવામાં આવી હતી.

# જાફરાબાદના બાબરકોટ દરિયામાંથી યુવકની લાશ મળતા અરેરાટી

જાફરાબાદ,તા.૨૫



જાફરાબાદ નજીક બાબરકોટ દરિયાકિનારે એક યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. દરિયા કિનારે ફરવા ગયેલા યુવકનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હોવાનું પ્રાથમિક તારણ છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવકની ઓળખ તથા મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# ચાડીયા-લાપળીયા રોડનું સમારકામ કર્યાબાદ પેવરપટ્ટાની કામગીરી પૂર્ણ

અમરેલી,તા.૨૫



ભારે વરસાદને લીધે અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન રાજ્ય હેઠળના કેટલાક રસ્તા પર મરામતની કામગીરી જરુરી હતી. વાહન વ્યવહાર માટે સરળતા રહે તે માટે જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય અને પંચાયત હસ્તકના રોડ રસ્તાની મરામતની કામગીરી શરુ છે. જિલ્લાના માર્ગ અને મકાન રાજ્ય હસ્તકના ડી.એલ.પી. રોડ પૈકી ચાડીયા-લાપાળીયા રોડનું સમારકામ કરવાની કામગીરી શરુ કરવામાં આવી અને તે પછી તે માર્ગ પર પેવરપટ્ટાની કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવી છે.

# રાજુલાની એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં લોકશાહી ઢબે GS અને CR ચૂંટણી યોજાઈ

રાજુલા, તા.૨૫

રાજુલાની એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે જનરલ સેક્રેટરી (જી.એસ.) તથા ક્લાસ રિપ્રેઝન્ટેટિવ (સી.આર.) ની લોકશાહી પદ્ધતિથી ચૂંટણી યોજાઈ. સૌ પ્રથમ દાવેદાર ઉમેદવારોના ફોર્મ ભરવામાં આવ્યા હતા. તમામ ઉમેદવારોએ જોરશોરથી પ્રચાર કર્યો હતો અને મતદાતાઓને તેમના પક્ષના નિશાનને મત આપવા માટે કેટલાક વચનો આપ્યા હતા. પ્રચાર પ્રક્રિયા બાદ ચૂંટણી યોજવામાં આવી હતી. મત કુટીર બનાવવામાં આવી હતી અને લોકશાહી ઢબે મતદાન કાર્ય તમામ બહેનો દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું. ત્યારબાદ મત ગણતરી કરવામાં આવી, જેમાં બહુમતીથી ચૂંટાયેલ જી.એસ.ના નામ જાહેર કરવામાં આવ્યા. નવ ઉમેદવારોના મત આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. આર્ટ્સ વિભાગમાં યક્ષિતાબેન આર. જોગદીયા તથા કોમર્સ વિભાગમાં સેજલબેન એસ. લાડુમોર જંગી બહુમતીથી ચૂંટાયા. આ સાથે સી.આર.ની ચૂંટણી પણ રસાકસી ભરેલી રહી. બહુમતીથી જી.એસ. તથા સી.આર. પદ મેળવનાર તમામને કોલેજ સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા, પ્રિન્સીપાલ ડો. રીટાબેન રાવળ તથા પ્રાધ્યાપકોએ આવકાર્યા અને રાજકીય કારકિર્દીની શુભકામનાઓ પાઠવી હતી.

# લીલીયા સિવિલ હોસ્પિટલના સ્થળ ફેરફાર અને આધુનિકીકરણ માટે વધુ બજેટની માંગ કરતા પ્રતાપ દુધાત

લીલીયા,તા.૨૫



સાવરકુંડલા-લીલીયા પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી, ગુજરાત સરકારને પત્ર પાઠવીને લીલીયા તાલુકા સિવિલ હોસ્પિટલના નવીનીકરણ માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલ રૂ. સાત કરોડના બજેટને આવકારવા સાથે તેમાં વધારો કરવાની અને હોસ્પિટલનું સ્થળ બદલવાની માંગણી કરી છે. પત્રમાં જણાવાયું છે કે, વર્તમાન સિવિલ હોસ્પિટલ લીલીયા શહેરથી ૨ કિ.મી. દૂર પીપળવા રોડ પર આવેલી છે. આ રોડ પર રેલવે લાઈન પસાર થતી હોવાથી રેલવે ફાટક અવારનવાર બંધ રહે છે. જેના કારણે ભૂતકાળમાં ઈમરજન્સી દર્દીઓના રેલવે ફાટકને કારણે મૃત્યુના બનાવ પણ બનવા પામેલા છે. લીલીયા શહેરની મધ્યમાં અનુકૂળ જગ્યા ઉપલબ્ધ હોય, ત્યાં સિવિલ હોસ્પિટલ ફેરવવામાં આવે અને જે રૂ. સાત કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે તેમાં વધારો કરી અને સ્થળ ફેરફાર સાથે નવીનીકરણ કરવામાં આવે તો લીલીયા તાલુકાનાં તમામ લોકોને તેમજ ઈમરજન્સી દર્દીઓને આરોગ્યમય સુવિધાઓ મળી શકે તેમ છે.







# સાવરકુંડલામાં મામલતદાર કચેરીમાં જનસુવિધા કેન્દ્રનું ધારાસભ્યના હસ્તે ઉદ્ઘાટન

સાવરકુંડલા,તા.૨૫



સાવરકુંડલામાં મહુવા રોડ પરની મામલતદાર કચેરીમાં જનસુવિધા કેન્દ્રનું નવીનીકરણ થયા પછી આજે તેને સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ તકે મામલતદાર, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, પ્રવીણભાઈ સાવજ, પરાગભાઈ ત્રિવેદી, અનિરુદ્ધસિંહ રાઠોડ સહિત ભાજપના કાર્યકર્તાઓ અને નાગરિકો ઉપસ્થિતિ રહ્યા હતા. આ જનસેવા કેન્દ્રમાં આધાર કાર્ડ, સાત બાર જેવી મહત્વપૂર્ણ દસ્તાવેજોની કામગીરીઓ થતી હોય છે. આવી સેવા માટે આવતાં નાગરિકોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ થાય એ ઉદ્દેશ્ય સાથે આ રીનોવેશન થયું છે. આ જનસેવા કેન્દ્ર સર્કિટ હાઉસ "એનેક્ષી" માફક અલાયદુ છે.

# બગસરા-ધારીમાં આરોગ્ય મંત્રીના હસ્તે સરકારી હોસ્પિટલનું લોકાર્પણ

બગસરા,તા.૨૫

બગસરા શહેરમાં રૂ.૪.૨૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે કરવામાં આવ્યું છે. આ આરોગ્ય કેન્દ્ર બગસરા શહેર અને આસપાસના ૩૪ ગામડાઓને સેવા પૂરી પાડશે. ગત વર્ષે ૨૩ મે, ૨૦૨૩ના રોજ આ કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કેટલાક સમયથી આ કેન્દ્રનું લોકાર્પણ થયું ન હતું. થોડા દિવસ પહેલા આમ આદમી પાર્ટી દ્વારા લોકાર્પણની ચીમકી આપવામાં આવતા રાજ્ય સરકારે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. લોકાર્પણ કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી. રીબડીયા, સહિત જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.સાથે સાથે આગામી એક માસની અંદર ડાયાલિસિસ વિભાગ શરૂ કરી આપવાની લોકોને બાંહેધરી આપી હતી. બગસરા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યા બાદ આરોગ્ય મંત્રીએ ધારી ખાતે રુ.૪.૬૭ કરોડના ખર્ચે નવનિર્મિત અદ્યતન સામૂહિક આરોગ્ય કેન્દ્રને નાગરિકો માટે ખુલ્લુ મૂક્યું હતું. આ પ્રસંગે આરોગ્યમંત્રીએ જણાવ્યું કે, જીવનના દરેક તબક્કે, જન્મથી મરણ સુધી સરકાર નાગરિકોની પડખે રહે છે, આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે વિવિધ જન કલ્યાણકારી યોજના ઘડવાની સાથે વ્યવસ્થા પણ કરી છે.


તસવીર : હાર્દિક બામટા



### બગસરામાં શ્રાવણ માસના પહેલા સોમવારથી હોસ્પિટલ કાર્યરત થશે

રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે સરકારી હોસ્પિટલનું લોકાર્પણ થયા બાદ સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ અધિક્ષક ડો. પ્રકાશ સાવલીયાએ જણાવ્યું હતું કે, જુની હોસ્પિટલમાંથી તમામ સામગ્રી બે દિવસમાં ફેરવવામાં આવશે. જેથી શ્રાવણ માસના પ્રથમ સોમવારથી શહેરની મધ્યમાં બનેલી અદ્યતન સરકારી હોસ્પિટલ કાર્યરત થઈ જશે.

### જિલ્લાની આરોગ્ય સેવાઓની સમીક્ષા કરતા ઋષિકેશ પટેલ

આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઇ પટેલે આજે અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન જિલ્લાની આરોગ્ય વ્યવસ્થાઓ સમીક્ષા કરી હતી. આ સાથે સરકારી અને અનુદાનિત કોલેજોમાં શિક્ષા સુવિધાઓ વધારવા માટે પણ પરામર્શ કરવામાં આવ્યો હતો. આરોગ્ય મંત્રીએ, ખાસ જન હિતાર્થે અને આરોગ્ય કલ્યાણ માટે મોકળા મને અને સક્રિયતા દાખવીને રોગી કલ્યાણ સમિતિના ફંડનો ઉપયોગ કરવા માટે સૂચના આપી હતી. આ બેઠકમાં, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, નમો યોજના, વય વંદના યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, નિક્ષય મિત્ર સહિતની યોજનાઓ અને આરોગ્ય કાર્યક્રમની સમીક્ષા હાથ ધરી હતી. આરોગ્ય અને ઉચ્ચ શિક્ષા મંત્રી ઋષિકેશભાઇ પટેલે જિલ્લામાં આર્ટસ કોમર્સ કોલેજ કાર્યરત હોય અને સાયન્સ કોલેજ મેળવવી હોત તો શૈક્ષણિક સંસ્થાઓને દરખાસ્ત કરવા માટે પણ સૂચન કર્યુ હતુ.

# લીલીયામાં ભૂગર્ભ ગટરની સમસ્યા યથાવત : ૮ માસ બાદ પણ નિરાકરણ નહીં

લીલીયા,તા.૨૫

લીલીયા શહેરમાં ભૂગર્ભ ગટરની સમસ્યા દાયકાઓથી માથાનો દુઃખાવો બની રહી છે. અગાઉ સામાજિક સંસ્થાઓ અને ગ્રામજનો દ્વારા અનેક આંદોલનો અને ઉપવાસ કર્યા બાદ, ૮ માસ પૂર્વે રૂપિયા ૧૧ કરોડના ખર્ચે ગટર રિપેરિંગ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. સ્થાનિક સાંસદ અને ધારાસભ્યની હાજરીમાં ભૂમિપૂજન પણ કરાયું હતું, જેથી શહેરીજનોમાં આનંદની લાગણી છવાઈ હતી. જોકે, ૮ મહિના વીતી ગયા હોવા છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. ભૂગર્ભ ગટરની સમસ્યાનું નિરાકરણ ન આવતા, ફરીથી ગ્રામજનો અને ગ્રામ પંચાયતના સભ્યોએ ઢોલ-નગારા સાથે મામલતદાર અને ટી.ડી.ઓ.ને આવેદનપત્ર સુપરત કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે રિપેરિંગ કામ કરનારી એજન્સી અને કોન્ટ્રાક્ટર કામગીરી કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા હોવાનો આક્ષેપ ગ્રામજનો અને ૧૧ ગ્રામ પંચાયતના સભ્યોએ કર્યો છે અને તેમની સામે પગલાં ભરવાની માંગ કરી છે.



# રાજુલા એસટી ડેપો દ્વારા બે વર્ષથી બંધ થયેલી એભલવડ નાઈટ બસ શરૂ કરવા માંગ ઉઠી

### એસટી તંત્ર દ્વારા રસ્તો ખરાબ હોવાનું જણાવી બસ બંધ કરી દેવામાં આવી હતી

રાજુલા તા. ૨૫

રાજુલા એસટી ડેપો દ્વારા ૨૦ વર્ષથી ચાલતી રાજુલા- એભલવડ નાઈટ બસ રસ્તાના અભાવે છેલ્લા બે વર્ષથી બંધ કરી દેવામાં આવી છે હવે રસ્તો બની જતા આ બસને પુનઃ ચાલુ કરવામાં આવે તેવી એભલવડના ગ્રામજનોએ માગણી કરી છે. બે વર્ષ પહેલા એસટી તંત્ર દ્વારા રસ્તો બિસ્માર હોવાનું જણાવી એભલવડ નાઈટ થતી બસ બંધ કરી દેવામાં આવી હતી. આ બસ બંધ થઈ જતા વિદ્યાર્થીઓ અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા આ માર્ગનું નવીનીકરણ કરવામાં આવતા છેક બારમણથી પીસળી, એભલવડ, માણસા, ટીંબી સુધીનો રસ્તો બની ગયેલ છે પરંતુ હવે એસટી બસ શરૂ કરવા માટે તંત્ર જવાબ આપતું નથી જેથી એભલવડના સરપંચ જગાભાઈએ માંગણી કરી છે કે સરકાર દ્વારા એવી જાહેરાત કરવામાં આવતી હતી કે એસટી બસ વગર એકપણ ગામડું બાકી નહીં રહે પરંતુ રાજુલા તાલુકાના જ ચાર ગામો હાલ બસ વિહોણા બન્યા છે જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. હાલ રાજ્ય સરકાર દ્વારા નવા કંડક્ટરોની ભરતી પણ કરવામાં આવી છે અને હવે રસ્તો પણ નવો બની ગયો હોય તો છેલ્લા બે વર્ષથી બંધ પડેલી એભલવડ જતી નાઈટ બસ ફરી શરૂ કરવામાં આવે તેવી સરપંચ અને ગ્રામજનો દ્વારા માંગણી કરવામાં આવી છે.

### ચોમાસુ પાકને બચાવવા માટે વરસાદની તાતી જરૂરીયાત

# હવામાન વિભાગની આગાહી છતાં અમરેલી જિલ્લાના માત્ર ત્રણ તાલુકામાં વરસાદી ઝાપટા

### ૮ તાલુકાઓમાં મેઘરાજાની એન્ટ્રી નહી થતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ

અમરેલી,તા.૨૫

રાજયમાં હવામાન વિભાગ દ્વારા સાત દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહીને લઈ ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. પરંતુ અમરેલી જિલ્લામાં આગાહી મુજબનો વરસાદ નહી વરસતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી છે. ખેડૂતોએ ભીમ અગિયારસનું શુકન સાચવી વાવણી કાર્ય કરી નાખ્યુ હતું. જો કે અષાઢ મહિનો આખો જાણે કોરો ગયો હોય તેમ અમુક તાલુકાઓને બાદ કરતા માત્ર વરસાદી ઝાપટા પડ્યા હતા. ખેડૂતોએ કપાસ, મગફળી, સોયાબીનનું વાવેતર કરી નાખ્યું છે જેથી વરસાદની હવે તાતી જરૂરીયાત છે. શુક્રવારે અમરેલી જિલ્લામાં સવારના ૬થી સાંજના ૬ વાગ્યા સુધીમાં વડીયામાં અડધો ઈંચ, અમરેલીમાં ૧૨ મીમી અને લાઠીમાં ૪ મીમી વરસાદ નોંધાયો હતો. જયારે બાકીના તાલુકાઓમાં માત્ર ઝરમર વરસાદ વરસ્યો હતો.

# કુંકાવાવ તાલુકાના દેવગામ ગામે આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો




અમરેલી તા ૨૫

કુંકાવાવ તાલુકાના દેવગામ ખાતે આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો હતો. આ તકે દેવગામના સરપંચ પ્રભાતભાઈ લાવડીયા દ્વારા કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા લોકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી જેમાં બ્લડપ્રેશર, ડાયાબિટીસ, આયુષ્યમાન કાર્ડ, આધાર કાર્ડ તેમજ ન્યુટ્રિશ્યન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સા.કુંડલાની સરકારી હોસ્પિટલમાં મહિલાના પેટમાંથી ત્રણ કિલોની ગાંઠ કાઢવામાં આવી

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા ખાતે કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં ગાયનેક વિભાગના ડોક્ટરો દ્વારા એક મહિલાના પેટમાંથી ત્રણ કિલો કરતાં વધુ વજનની ગાંઠનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા ખાતે આવેલી કે.કે. મહેતા સરકારી હોસ્પિટલે ગાયનેકોલોજી વિભાગમાં એક સફળતા હાંસલ કરી છે. ડો. હાર્દિક બોરીસાગર, ડો. દિનેશ સોલંકી તેમજ નર્સિંગ સ્ટાફની નિષ્ણાત ટીમ દ્વારા ગુરુવારના રોજ ૩ કિલો ૨૦૦ ગ્રામ વજનની ગર્ભાશયની ગાંઠનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ ઓપરેશનની સમગ્ર સારવાર આયુષ્માન કાર્ડ અંતર્ગત ઉપલબ્ધ છે, જેનો લાભ વધુમાં વધુ દર્દીઓને મળી શકે તેવું આયોજન હોસ્પિટલ દ્વારા કરવામાં આવ્યું છે. ડોકટરોએ કરેલી આ કામગીરીને શહેરીજનોએ બિરદાવી હતી.


તસવીર : સૌરભ દોશી

# અમરેલીના નવા ખીજડીયા ગામેથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

અમરેલી, તા. ૨૫

અમરેલીના નવા ખીજડીયા ગામેથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું.

બનાવ અંગે સગીરાના પિતાએ ધવલ નાગજીભાઈ ગોહીલ (સગર) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તેમની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી, બદકામના ઈરાદે અપહરણ કરીને તેમના વાલીપણામાંથી લઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.કે. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં વૃક્ષારોપણ કરી જન્મદિનની ઉજવણી કરાઈ

રાજુલા,તા.૨૫

રાજુલા સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ આરીફભાઈ જોખિયાના પુત્ર રેહાન જોખિયાના જન્મદિવસ નિમિત્તે રાજુલા કબ્રસ્તાન ખાતે એક અનોખા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૪૦ જેટલા વૃક્ષો વાવીને પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજુલા નગરપાલિકાના સભ્યો, વિવિધ સમાજના પ્રમુખો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : ગોપાલ રાઠોડ

# બગસરામાંથી ૮ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

### રાજુલાના જુની માંડરડી ગામેથી પાંચ લીટર દેશી દારૂ જપ્ત

બગસરા, તા.૨૫

બગસરામાંથી પોલીસે ૮ બોટલ દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૮ બોટલ સાથે મહમ્મદ અબ્દુલભાઈ કાળવાતરને ઝડપી પાડી રૂ.૧૩૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલાના જુની માંડરડી ગામેથી પોલીસે ૫ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી આઠ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

હર્ષ ધર્મેશભાઈ સૂચક (ઉ.વ.૨૩)નું તા.૨૫/૭/૨૫ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ધર્મેશભાઈ કિશોરભાઈ સૂચક પિતા, વ્રજલાલ વેલજીભાઈ સૂચક દાદા, રિશી ધર્મેશભાઈ સૂચકના ભાઈ થાય છે. સદગતની સાદડી તા. ૨૬/૭/૨૫ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે લોહાણા વિદ્યાર્થીભવન, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.




# રાજુલા પંથકને સાંકળતી બસ શરૂ કરવામાં આવતા મુસાફરોમાં આનંદ

રાજુલા,તા.૨૫

રાજુલા ડેપો દ્વારા ઘણા સમયથી બંધ કરાયેલી સવારે ૫ વાગ્યાની રાજુલા-ભાવનગર બસ સેવા ફરી શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, બગસરા ડેપોથી બગસરા-મહુવા અને બગસરા-બગદાણા રૂટ પરની લાંબા સમયથી બંધ બસો પણ ફરી શરૂ થઈ છે. ધારી ડેપો દ્વારા બંધ કરાયેલી ધારી-મહુવા બસ સેવા પણ પુનઃ શરૂ કરવામાં આવી છે. અમરેલી વિભાગ દ્વારા પ્રવાસી જનતાને આ સુવિધાઓનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

**-//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ લીલીયા //-**

જન્મ રજી.નં.૫૮/૨૦૨૫

શ્રી લીલીબેન ડુંગરભાઈ શિરોયા
રે. ઈંગોરાળા, તા.બાબરા, જી.અમરેલી ........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ઈંગોરાળા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લીલીબેન ડુંગરભાઈ શિરોયાના પુત્રી મંજુલાબેન ડુંગરભાઈ શિરોયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ ઈંગોરાળા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં. 52\2025

**પ્રતિ**
શ્રી નકુમ દિનેશભાઈ કાળાભાઈ,
રહે. સણોસરી, ગામ-સણોસરી, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.જી. સોસાગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સણોસરી, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **સણોસરી** ગામના રહીશ દિનેશભાઈ કાબાભાઈ નકુમ તથા રમિલાબેન દિનેશભાઈ નકુમના પુત્ર કર્તવ્ય દિનેશભાઈ નકુમનો જન્મ તારીખ **14/07/2015** ના રોજ ગીરગઢડા તાલુકાના **સણોસરી** ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સણોસરી, તાલુકો-ગીરગઢડા સને.**2015** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

**સહી,**
**(જી.કે.વાળા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ગીરગઢડા**

# એસ.એચ. ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓએ ૧૬મી રાજકોટ ડિસ્ટ્રિક્ટ શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫ માં ૪ ગોલ્ડ મેડલ જીત્યા

અમરેલી, તા.૨૫

તારીખ ૧૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ રાજકોટ મુકામે યોજાયેલી ૧૬મી રાજકોટ ડિસ્ટ્રિક્ટ શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫ સ્પર્ધામાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસની જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) ના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કુલ ૪ ગોલ્ડ મેડલ હાંસલ કર્યા છે. આ સિદ્ધિથી સંસ્થા અને સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ વધ્યું છે. આ સ્પર્ધામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં DLSS ના પ્રતિભાશાળી શૂટર્સ: જેબલીયા દિવ્યરાજ મનીષભાઈ - ગોલ્ડ મેડલ, કાવર ધરમ ધીરેનભાઈ - ગોલ્ડ મેડલ, ચાવડા હેત્વી સુરેશભાઈ - ગોલ્ડ મેડલ, બાંભણીયા સૃષ્ટિ સંજયભાઈ - ગોલ્ડ મેડલ મેળવીને સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. ખેલાડીઓની અવિરત મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ જીત મળી છે. ખેલાડીઓએ વિવિધ કેટેગરીઝમાં શ્રેષ્ઠ સ્કોર સાથે જીત મેળવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.



# ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજ, અમરેલીનું B.A.(Eng.) સેમ.-III નું ઉત્કૃષ્ટ પરિણામ

**યુનિવર્સિટી પરીક્ષામાં ૯૫% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો**

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત, સંચાલિત ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ B.A.(Eng.) સેમ.-III યુનિવર્સિટી પરીક્ષામાં ૯૫% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. કોલેજમાં સર્વોચ્ચ સ્થાન મેળવનાર વિદ્યાર્થિનીઓમાં ગામી ખુશી કે. (કોલેજ ફર્સ્ટ - ૮૨.૧૮%), શેલડીયા ખુશી એ. (કોલેજ સેકન્ડ - ૮૨.૧૮%) અને પરમાર હેમલ એસ. (કોલેજ થર્ડ - ૮૨.૦૦%) નો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતા બદલ અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત તરફથી સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્કર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



# રાજુલામાં બસ સ્ટેશન સામે વેપારીના બાઈકની ઉઠાંતરી

**વેપારીએ અજાણ્યા ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૫

રાજુલામાં રહેતા એક વેપારીની બાઈક બસ સ્ટેશન સામે આવેલી સોડાની દુકાન નજીકથી ચોરાઈ હતી. બનાવ અંગે રીઝવાનભાઈ મહમદભાઈ ઝાખરા (ઉ.વ.૩૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેણે પોતાની બાઈક રાજુલા બસ સ્ટેશનની સામે આવેલી સોડાની દુકાનની બાજુમાં પાર્ક કરી હતી. જેની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બાઈકની કિંમત રૂપિયા ૩૦,૦૦૦ જાહેર થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**લાઠીના અડતાળા ગામનો બનાવ**

# દીકરી સાથે જબરદસ્તી કરવા મુદ્દે ઠપકો આપતાં પિતાને ગાળો આપી

**'અમરેલી નોકરી કરવા કેમ જશે' તેમ પણ કહ્યું**

લાઠી, તા.૨૫

લાઠીના અડતાળા ગામે રહેતા એક પિતાએ તેની દીકરી સાથે બળજબરી કરવા બદલ ઠપકો આપતાં તેને ગાળો આપવામાં આવી હતી. ઉપરાંત 'અમરેલી નોકરી કરવા કેવી રીતે જશે' તેમ કહી ધમકી આપી હતી. બનાવ સંદર્ભે જીવરાજભાઈ છનાભાઈ બગડાએ સુરેશભાઈ કરશનભાઈ બગડા, કરશનભાઈ બગડા, કંચનબેન કરશનભાઈ બગડા, રાજુભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની દીકરી અમરેલી સિવિલ હોસ્પિટલમાં નર્સિંગમાં નોકરી કરે છે. અમરેલી કૌટુંબીક ભાઈ સુરેશભાઈ સાથે ગઈ હતી અને તેની સાથે અમરેલી બસ સ્ટેશનની પાછળ આવેલ પારસ હાઉસમાં તેની મોબાઈલની દુકાનમાં દીકરીને જબરદસ્તી કરી હતી. જેનો ઠપકો આપવા જતા ચારેય સામવાળાઓને સારૂ ન લાગતા તેમને તથા તેના ઘરના સભ્યોને ગાળો આપી હતી. તેમને તથા તેના ઘરના સભ્યોને માર મારવા દોડી તેમની દીકરી અમરેલી નોકરી કરવા કેમ જાશે તેમ ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના દહીંથરા ગામના માલધારીએ ગાળો બોલવાની ના પાડતા મુંઢમાર માર્યો

લાઠી, તા.૨૫

લાઠીના દહીંથરા ગામે રહેતા ઘોહાભાઈ પોપટભાઈ રાનાણી (ઉ.વ.૬૫)એ મહેશભાઈ પ્રવીણભાઈ રાઠોડ, ધાર્મિકભાઈ ચાવડા, વિજયભાઈ લાભુભાઈ ખટાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ કાંચરડી રોડ ઉપર આવેલ સોલાર પ્લાન્ટની જગ્યાએ પોતાના માલઢોર ચારવા માટે ગયા હતા. સામાવાળાઓ ગાળો બોલતા હતા અને તેણે આરોપીઓને ગાળો બોલવાની ના પાડતા ડાબા પગના ભાગે લાકડીના બે ઘા મારી મુંઢ ઈજા કરી હતી. ઉપરાંત સાહેદોએ વચ્ચે પડી તેમને વધુ મારમાંથી બચાવતા આરોપીઓ નાસી ગયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.વાય. રાવલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી ખાતે જિલ્લા શિક્ષણ અધિકારીની મુલાકાત લેતું રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ

અમરેલી,તા.૨૫

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અમરેલી ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રદેશ મહામંત્રી જીતેન્દ્રભાઈ ઠાકર, પ્રાથમિક સંવર્ગના સંગઠન મંત્રી હિતેશભાઈ ગોપાણી, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ પ્રદેશ સંગઠન મંત્રી મનીષભાઈ સિદ્ધપુરા, આચાર્ય સંવર્ગના અધ્યક્ષ રામભાઈ કેશવાલા, માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ ભરતભાઈ મકવાણા તથા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના કાર્યકરોએ અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી મનહરસિંહ ગોહિલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.



# પત્નીએ ભરણપોષણનો કેસ કરતાં પતિએ ફિનાઈલ પીધું

**રાજુલાના જામકા ગામની ઘટના**

રાજુલા, તા.૨૫

રાજુલાના જામકા ગામે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. પત્નીએ પતિ પર ભરણપોષણનો કેસ કરતાં લાગી આવતાં ઝેરી દવા પીધી હતી. બનાવ અંગે બાબુભાઈ ગોવિંદભાઈ રાઠોડ (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, તેમણે ૬ વર્ષ પહેલા જ્ઞાતિના રીત રિવાજ મુજબ પારૂલબેન બાબુભાઈ પરમાર સાથે ફૂલહાર કર્યા હતા. તેમની પત્ની તેમની સાથે રહેતી નહોતી અને સુરતમાં ભરણપોષણનો કેસ કર્યો હતો. જેથી તેમને મનમાં લાગી આવતાં જુની બારપટોળી ગામે તેમણે ફિનાઈલ પીધું હતું. જેથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદ તાલુકાના જુદા-જુદા ગામોમાં ધારાસભ્ય દ્વારા ખાતમુહૂર્ત કરાયા

જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદ તાલુકામાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા લોર ગામે નવી પ્રાથમિક શાળાના બિલ્ડિંગનું લોકાર્પણ, મીતીયાળા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ તેમજ વઢેરા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ ઉપરાંત, રોહિસા અને ટીંબી ગામે નવી પ્રાથમિક શાળાઓના ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા પંચાયતના પ્રમુખ બાલાભાઈ કોટડીયા, જાફરાબાદ તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરુ, રોહિસા ગામના સરપંચ જીતુભાઈ મકવાણા, કડીયાળી સરપંચ સવજીભાઈ મકવાણા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : બાબુભાઈ વાઢેળ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બીજ
તા. ૨૬-૦૭-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૮, સૂર્યાસ્ત-૦૭:૧૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

**તા. ૨૬-૦૭-૨૦૨૫ — શનિવાર**

મેષ: આજનો દિવસ ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિથી ભરપુર રહેશે. આ સમયે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમે અટકેલા પૈસા પ્રાપ્ત કરશો.

વૃષભ: આજે તમારો દિવસ ભાગ્યશાળી રહેશે. ઘરે અને બહારના વધુ સર્પોટિવ વાતાવરણને કારણે લગભગ તમામ કાર્યો સરળતાથી પૂર્ણ કરવામાં આવશે.

મિથુન: તમારો દિવસ સામાન્ય કરતા વધારે શુભ રહેશે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્ર પર તમને તમારી પ્રતિભા બતાવવાની તક મળશે.

કર્ક: તમારા સારા કાર્યોથી તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધશે. તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.

સિંહ: આજનો દિવસ ઉતાર-ચઢાવનો રહેશે. તમારી વિચારસરણીમાં નિરાશા ના આવવા દો. વધુ વ્યસ્ત કાર્યને લીધે સામાજિક ક્ષેત્રથી અંતર રહેશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. અતિશય ભાવુક રહેશો. આ કારણોસર ઘર અને બહારનું વાતાવરણ દૂષિત થઈ શકે છે.

તુલા: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. પ્રતિસ્પર્ધકો હારશે અને કાર્ય ધંધો પહેલા કરતા વધુ સારી રીતે ચાલશે.

વૃશ્ચિક: તમને આજે થોડી કાળજી લેવાની સલાહ આપવામાં આવી છે, કોઈ ભૂલને લીધે તમારા મનમાં થોડી પીડા થઈ શકે છે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણય ના લેવાને કારણે કામમાં અડચણ અને નુકસાન થઈ શકે છે. નોકરી કરનારાઓના અધિકારમાં વધારો કરી શકાય છે.

મકર: આજે ધૈર્યથી કાર્ય કરો કારણકે ઉતાવળા કામોને લીધે નુકસાનની સંભાવના છે. ભૌતિક સુવિધાઓ વધશે અને તમે તમારા હાથમાં મોટી રકમ મેળવીને ખુશ થશો.

કુંભ: દિવસના પહેલા ભાગમાં તમે મૂંઝવણમાં આવી શકો છો. કોઈ પણ કાર્યમાં સ્પષ્ટતાના અભાવને કારણે કાર્ય અટકી શકે છે, ફક્ત મન જ કાર્યોની રૂપરેખા બનાવશે.

મીન: આ દિવસે તમે તમારા જીવન સાથેના તમામ કાર્યો કરી શકશો, પરંતુ તેમ છતાં સફળતા મેળવવામાં શંકા રહેશે. સ્વાસ્થ્યમાં વધઘટ થવાને કારણે શરીર આરામ માગશે.

# લીલીયા સરકારી વિનયન વાણિજ્ય કોલેજ ખાતે ફાયર સેફ્ટી જાગૃતતા કાર્યક્રમ યોજાયો

લીલીયા,તા.૨૫

લીલીયા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે ભગતસિંહ યુવા સમિતિ, બાબરા સાથે મળીને ફાયર સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ અને ફાયર ફાઈટીંગ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આગથી બચવા, આપાતકાલીન પરિસ્થિતિમાંથી બહાર નીકળવા, અને ફાયર એક્સ્ટિંગ્વિશરનો યોગ્ય ઉપયોગ જેવી મહત્વપૂર્ણ તાલીમ અપાઈ. Stop, Drop and Roll જેવી તકનીકો અને ધુમાડાવાળા વિસ્તારોમાંથી બહાર નીકળવાની રીતો પણ શીખવવામાં આવી હતી. અગ્નિશામકોનો જીવંત ડેમો આપીને સંજોગોનું વ્યવહારુ જ્ઞાન અપાયું અને જીવ સુરક્ષિત રાખવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં જીવસુરક્ષા ઉભી કરે છે.



# ડુંગર ગામે પરિણીતાનું એસિડ પીવાથી સારવારમાં મોત

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં વધુ બે લોકોના મોત થયા હતા. રાજુલાના ડુંગર ગામે રહેતા શાંતીભાઈ પોપટભાઈ રાઠોડ (ઉ.વ.૪૯) એ જાહેર કર્યા મુજબ, તેના પત્ની ગીતાબેન (ઉ.વ.૪૫) સતત ટેન્શનમાં રહેતા હતા. જેના કારણે એસિડ પીતાં સારવારમાં દાખલ કર્યા હતા. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીના મોટા આંકડીયા ગામે રહેતા જગદીશભાઈ ભીખુભાઈ મકવાણા (ઉ.વ.૪૧)એ જાહેર કર્યા મુજબ, જીગ્નેશભાઈ ભીખુભાઈ મકવાણા (ઉ.વ.૩૪) એ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના કથીવદર પરા ગામેથી છ શકુની ઝડપાયા

**પોલીસે ૧૦,૭૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો**

રાજુલા, તા.૨૫

રાજુલાના કથીવદર પરા ગામેથી પોલીસે છ જુગારીને રૂપિયા ૧૦,૭૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. વિપુલભાઈ માવજીભાઈ બાંભણીયા, મુન્નાભાઈ ભોળાભાઈ વાજા, રસીકભાઈ ચીથરભાઈ મકવાણા, અશોકભાઈ વેલાભાઈ સોલંકી, સંતોષભાઈ કાળુભાઈ સોલંકી, નીરવભાઈ આતુભાઈ સોલંકી કથીવદર પરા ગામે બાપા સીતારામ કિરાણા સ્ટોર સામે જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે હારજીતનો જુગાર રમી રમતાં રોકડા ૧૦,૭૨૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# 'હું કહું તેમ જ કરવાનું' કહી ગાળો બોલી ધમકી આપી

**રાજુલા માર્કેટિંગ યાર્ડમાં બનાવ બન્યો**

રાજુલા, તા.૨૫

રાજુલા માર્કેટિંગ યાર્ડમાં એક પુરુષને હું કહું તેમ જ કરવાનું કહીને ગાળો બોલી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે નજુભાઈ બચુભાઈ ધાખડા (ઉ.વ.૫૨)એ વડલી ગામના હીતેષભાઈ ભરતભાઈ ખુમાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદો માર્કેટ યાર્ડમાં પોતાની ઓફિસમાં હાજર હતા. તે વખતે તેમની ઓફિસમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતા આરોપીએ ઓફિસે આવી 'હું તમને લોકોને જે કહું તેમજ કરવાનું' તેમ કહી તેમની તથા સાહેદો સાથે ઝઘડો કર્યો હતો. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમણે ગાળો બોલવાની ના પાડતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં સંતાન નહીં થતા પતિએ છૂટાછેડા આપવા પત્નીને ત્રાસ આપ્યો

**ખર્ચના પૈસા પણ ન આપ્યા, સાસુ-દીયરે સિતમ ગુજાર્યો**

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં સંતાન નહીં થતાં પતિ તથા સાસુ અને દીયરે પરિણીતાને ત્રાસ આપ્યો હતો. પતિએ છૂટાછેડા આપવા મુદ્દે મેણાટોણા માર્યા હતા. તેમજ ઘર ખર્ચના પૈસા પણ આપતા નહોતા. બનાવ સંદર્ભે અફસાનાબેન સોહેબભાઈ શેખ (ઉ.વ.૪૧) એ પતિ સોહેબભાઈ રહીમભાઈ શેખ, સાસુ હસીનાબેન તથા દીયર મહમદરફિકભાઈ રહીમભાઈ શેખ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિ, સાસુ તથા દીયર ઘર ખર્ચના પૈસા આપતા નહોતા. તેમજ તેમની સાથે ઝઘડો કરી છૂટાછેડા માટે દબાણ કરતા હતા. તેમને સંતાન ન થતાં મેણા ટોણા મારી માનસિક દુઃખ ત્રાસ આપતા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

## જળવાયુ પરિવર્તન નિવારવા કાર્બન એકાઉન્ટિંગ ખાસ જરૂરી

કાર્બન એકાઉન્ટિંગ એટલે સરળ શબ્દોમાં કહીએ તો, કોઈ કંપની, સંસ્થા કે વ્યક્તિ દ્વારા વાતાવરણમાં કેટલા ગ્રીનહાઉસ વાયુઓ (મુખ્યત્વે કાર્બન ડાયોક્સાઇડ) ઉત્સર્જિત થાય છે તેની ગણતરી કરવી અને તેનો હિસાબ રાખવો. જેમ આપણે પૈસાનો હિસાબ રાખીએ છીએ કે કેટલા આવ્યા અને કેટલા ગયા, તેવી જ રીતે કાર્બન એકાઉન્ટિંગમાં એ જોવામાં આવે છે કે કોઈ ચોક્કસ પ્રવૃત્તિ (જેમ કે ફેક્ટરી ચલાવવી, વાહન ચલાવવું, વીજળી વાપરવી વગેરે) દ્વારા કેટલો કાર્બન ડાયોક્સાઇડ કે અન્ય ગ્રીનહાઉસ વાયુઓ વાતાવરણમાં ભળે છે. આ પ્રક્રિયાને "ગ્રીનહાઉસ ગેસ એકાઉન્ટિંગ" પણ કહેવાય છે, કારણ કે તેમાં કાર્બન ડાયોક્સાઇડ ઉપરાંત મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ અને ફ્લોરિનેટેડ ગેસ જેવા અન્ય ગ્રીનહાઉસ વાયુઓનો પણ સમાવેશ થાય છે. આ બધા વાયુઓની અસરને કાર્બન ડાયોક્સાઈડના સમકક્ષ **(CO2e - Carbon Dioxide Equivalent)** એકમમાં માપવામાં આવે છે, જેથી સરખામણી સરળ બને. કાર્બન એકાઉન્ટિંગ મહત્વનું છે. કારણકે તેનાથી પર્યાવરણનું જતન થાય છે. આ સિવાય કાર્બન એકાઉન્ટિંગ ઘણા કારણોસર આજની તારીખે આગવું મહત્વ ધરાવે છે. તે પ્રદૂષણને સમજવામાં મદદ કરે છે. તે કંપનીઓને એ સમજવામાં મદદ કરે છે કે તેઓ ક્યાંથી સૌથી વધુ પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. એકવાર ઉત્સર્જનના સ્ત્રોતો ઓળખાઈ જાય, પછી કંપનીઓ તેને ઘટાડવા માટે યોગ્ય પગલાં લઈ શકે છે. કંપનીઓ પોતાની પર્યાવરણીય જવાબદારી નિભાવવા અને ટકાઉ બનવા માટે આનો ઉપયોગ કરે છે. ઘણા દેશોમાં સરકારો અને નિયમનકારી સંસ્થાઓ કંપનીઓને તેમના ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનની જાણ કરવા ફરજ પાડે છે. કાર્બન એકાઉન્ટિંગ આ નિયમોનું પાલન કરવામાં મદદ કરે છે. જે કંપનીઓ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા માટે ગંભીરતાથી પ્રયાસ કરે છે, તેમની છબી સમાજ અને ગ્રાહકોમાં સુધરે છે. લાંબા ગાળે, ઉત્સર્જન ઘટાડવાથી કંપનીઓને ઊર્જા ખર્ચ બચાવવામાં અને કાર્બન ક્રેડિટ જેવી યોજનાઓ દ્વારા નાણાકીય લાભ મેળવવામાં મદદ મળી શકે છે. ટૂંકમાં, કાર્બન એકાઉન્ટિંગ એ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને માપવા, તેનું વિશ્લેષણ કરવા અને તેને ઘટાડવા માટેનું એક સાધન છે, જે આબોહવા પરિવર્તન સામે લડવામાં અને વધુ ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદરૂપ થાય છે. આજે વિશ્વ સમક્ષ સૌથી મોટો પડકાર પર્યાવરણનો જ છે આ પડકારને ઝીલવા અને તેને મીનીમાઈઝ કરવા માટે કાર્બન એકાઉન્ટિંગ વિના ચાલવાનું નથી. સચોટ, વિશ્વસનીય કાર્બન એકાઉન્ટિંગ વિના આબોહવા પરિવર્તનને અટકાવી શકાય તેમ નથી. પાછલા એક દાયકામાં માનવજાતે જળવાયુ પરિવર્તનના ગંભીર પરિણામો અનુભવ્યા છે અને આગામી દિવસોમાં હજુ માઠા પરિણામો આવવાના છે તેમાં કોઈ શંકા નથી. આમ છતાં માઠા પરિણામોની અસરને પ્રયાસોથી ચોક્કસ નિયંત્રિત કરી શકાય છે. જળવાયુ પરિવર્તન મામલે દુનિયાભરની સરકારો અને સંસ્થાઓ લાંબા સમયથી સંઘર્ષ કરી રહી છે. કાર્બન એકાઉન્ટિંગ પદ્ધતિઓ અને ધોરણો ઘણા વર્ષોથી નોંધપાત્ર રીતે બદલાયા છે અને જવાબદારીના ધ્યેય સાથે વિકાસ કરવાની જરૂર છે. વૈશ્વિક મંત્રણાઓમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાના પ્રયાસોની ચર્ચા થાય છે પરંતુ હજુય જોઈએ તેટલા અમલીકરણ થતાં નથી. જે યુવાઓ કશુક જે નવી દિશામાં કારકિર્દી બનાવવા ઈચ્છે છે તેઓ માટે કાર્બન એકાઉન્ટિંગ ક્ષેત્રે વિકાસની અનેક તક છે. કાર્બન એકાઉન્ટિંગમાં સૌથી નોંધપાત્ર બાબત એ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવી ટેકનિકનો ઉપયોગ યુવાઓનું આકર્ષણ વધારે છે.

# અગ્નિ એશિયાના પ્રાચીન શિવ મંદિર માટે યુદ્ધ ફાટી નીકળ્યું

દક્ષિણ-પૂર્વ એશિયાના બે પાડોશી દેશો, થાઈલેન્ડ અને કંબોડિયા, ફરી એકવાર શ્રાવણ મહિનાના પહેલા સોમવારથી ભયાવહ યુદ્ધમાં સપડાયા છે. આ સંઘર્ષનું મૂળ એક ૮૦૦ વર્ષ જૂનું, વિશાળ હિન્દુ શિવ મંદિર છે, જેની માલિકી કોની તે મુદ્દે બે દેશો વચ્ચે દાયકાઓથી વિવાદ ચાલી રહ્યો છે. આ માત્ર એક મંદિરનો મુદ્દો નથી, પરંતુ બંને દેશો માટે તે રાષ્ટ્રીય સુરક્ષા અને ગૌરવનો પ્રશ્ન બની ગયો છે. પ્રાચીન શિવ મંદિર અતિ વિશાળ છે અને તે હિન્દુ રાજાઓએ બનાવેલું છે. અત્યારે આખું મંદિર જંગલ વિસ્તારમાં છે. બંને દેશોની સરહદ વચ્ચે છે. આથી આ મંદિર બાબતમાં બંને દેશો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે જ આ શિવ મંદિરની માલિકી બાબતમાં બંને દેશો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું છે. વિવાદનું કેન્દ્ર પ્રેહ વિહાર નામનું શિવાલય છે. આ ૧૧મી સદીમાં બનેલું અદ્ભુત હિન્દુ શિવ મંદિર બંને દેશોની સરહદ પર આવેલું હોવાથી તેના પર હંમેશા વિવાદ રહ્યો છે. જોકે, અહીં એક સ્પષ્ટતા જરૂરી છે. લેખમાં "અંગકોર વાટ" નો ઉલ્લેખ થયો છે, જે કમ્બોડિયામાં આવેલું વિશ્વનું સૌથી મોટું ધાર્મિક સ્થાપત્ય છે. અંગકોર વાટ મૂળભૂત રીતે ૧૨મી સદીમાં રાજા સૂર્યવર્મન બીજા દ્વારા ભગવાન વિષ્ણુને સમર્પિત ભગવાન શંકરનું મંદિર બનાવવામાં આવ્યું હતું. બાદમાં તે બૌદ્ધ મંદિરમાં પરિવર્તિત થયું. અંગકોર વાટ પર થાઈલેન્ડ સાથે કોઈ સરહદી વિવાદ નથી. વર્તમાન યુદ્ધનું મુખ્ય કારણ મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે અને સરહદ પર આવેલું છે. કંબોડિયા અને થાઈલેન્ડ વચ્ચેનો આ સંઘર્ષ ઘણો જૂનો છે:૧૯૬૨માં, ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ) એ ચુકાદો આપ્યો કે આ મંદિર કંબોડિયાના પ્રદેશમાં આવેલું છે. આ ચુકાદો ૧૯૦૭માં ફ્રેન્ચો દ્વારા તૈયાર કરાયેલા નકશાના આધારે હતો. જોકે, થાઈલેન્ડે ક્યારેય આ નકશાને સંપૂર્ણપણે સ્વીકાર્યો નથી અને મંદિરની આસપાસની સરહદો પર હંમેશા વાંધો ઉઠાવ્યો છે. ૨૦૦૮માં, જ્યારે કંબોડિયાએ પ્રેહ વિહાર મંદિરને યુનેસ્કો (UNESCO) વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નોંધાવ્યું, ત્યારે થાઈલેન્ડે તેનો સખત વિરોધ કર્યો. આનાથી બંને દેશોની સેનાઓ વચ્ચે ગંભીર અથડામણો શરૂ થઈ, જે ૨૦૧૧ સુધી ચાલી. આ સંઘર્ષમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા અને હજારો લોકો



વિસ્થાપિત થયા. ૨૦૧૩માં, ICJ એ ફરીથી પ્રેહ વિહાર પર કંબોડિયાના અધિકારને સમર્થન આપ્યું, જેના પછી થોડા સમય માટે શાંતિ સ્થપાઈ હતી. હાલનો સંઘર્ષ (જુલાઈ ૨૦૨૫) લગભગ ૧૨ વર્ષની શાંતિ પછી, તાજેતરમાં થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે તણાવ ફરી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**


ભડકી ઉઠ્યો છે અને સરહદ પર હિંસક અથડામણો થઈ રહી છે. મે ૨૦૨૫માં એક કંબોડિયન સૈનિકના મોત સાથે આ તણાવની શરૂઆત થઈ. ૨૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ, બંને દેશોના સૈનિકો વચ્ચે સરહદ પર ગોળીબાર થયો. થાઈલેન્ડે આરોપ લગાવ્યો કે કંબોડિયાએ ગોળીબાર શરૂ કર્યો, જ્યારે કંબોડિયાએ થાઈલેન્ડ પર "નિર્દય અને ગેરકાયદેસર લશ્કરી આક્રમણ" નો આરોપ મૂક્યો. આજે પરિસ્થિતિ એટલી વણસી કે થાઈલેન્ડે કંબોડિયાના લશ્કરી લક્ષ્યો પર F-16 ફાઈટર જેટનો ઉપયોગ કરીને હવાઈ હુમલા પણ કર્યા. આ અથડામણોમાં નાગરિકો અને સૈનિકો સહિત કુલ ૧૪થી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે, અને ઘણા લોકો ઘાયલ થયા છે. બંને દેશોએ એકબીજાના રાજદૂતોને પાછા બોલાવી લીધા છે. થાઈલેન્ડે કંબોડિયા સાથેની તેની તમામ સરહદો બંધ કરી દીધી છે અને તેના નાગરિકોને કંબોડિયા છોડવાની સલાહ આપી છે. કંબોડિયાએ પણ થાઈ વસ્તુઓ, ટીવી શો અને ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ મૂક્યો છે. સરહદ પર ઓછામાં ઓછા છ વિસ્તારોમાં અથડામણ થઈ રહી છે. થાઈલેન્ડે કંબોડિયા પર નાગરિક વિસ્તારો પર હુમલા કરવાનો અને માનવ ઢાલ તરીકે નાગરિકોનો ઉપયોગ કરવાનો આરોપ પણ મૂક્યો છે. આ સંઘર્ષ પ્રાદેશિક સ્થિરતા માટે ખૂબ જ ચિંતાજનક છે અને પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રયાસોની તાતી જરૂર છે. યુદ્ધ અને રાજકારણ પર અસર: આ યુદ્ધ બંને દેશોની રાજનીતિ અને ભવિષ્યની ચૂંટણીઓ પર મોટી અસર કરશે. કંબોડિયન નેતૃત્વ થાઈલેન્ડના "આક્રમણ" સામે દેશનું રક્ષણ કરવાના નામે લોકોનો ટેકો મેળવી શકે છે અને પોતાનો પ્રભાવ વધારી શકે છે. કંબોડિયા આંતરરાષ્ટ્રીય સ્તરે થાઈલેન્ડની કાર્યવાહીને વખોડી કાઢીને વિશ્વ સમુદાયનો ટેકો મેળવવાનો પ્રયાસ કરી શકે છે, ખાસ કરીને યુએન અને આસિયાન (ASEAN) જેવા સંગઠનો પાસેથી. આવા સમર્થનથી તેની રાજકીય સ્થિતિ મજબૂત થઈ શકે છે.

આ મુદ્દો થાઈલેન્ડ માટે પણ કટોકટી અને રાષ્ટ્રીય સુરક્ષાનો બની ચૂક્યો છે. સત્તાધારી પક્ષો રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે મજબૂત દેખાવાની તક ઝડપી શકે છે. ટૂંકમાં, થાઈલેન્ડ-કંબોડિયા યુદ્ધ બંને દેશોની રાજનીતિમાં ગરમાવો લાવશે. તે રાષ્ટ્રવાદને વેગ આપશે અને સત્તાધારી પક્ષોને મજબૂત દેખાવાની તક આપશે, પરંતુ સાથે સાથે આર્થિક નુકસાન અને માનવ જાનહાનિના કારણે સરકારો પર દબાણ પણ વધારશે. ભવિષ્યની ચૂંટણીઓમાં આ સંઘર્ષ એક મહત્વપૂર્ણ મુદ્દો બની રહેશે. વિશ્વના સૌથી મોટા શિવ મંદિર બાબતમાં બંને દેશો વચ્ચે આજે યુદ્ધનો માહોલ છે જેમાં ઉગ્રતા આવતી જાય છે. આ બંને દેશોમાં ભારતના તહેવારો ઉજવવામાં આવે છે ખાસ કરીને અહીં જે શિવાલયો આવેલા છે તેમાં શ્રાવણ મહિનામાં પૂજા પાઠ સહિતના કાર્યક્રમો યોજાય છે. વિશ્વના સૌથી મોટા શિવાલયમાં સરકારે પ્રતિબંધ મુકેલો છે કારણ કે અહીં યુદ્ધજન્ય વાતાવરણ છે.

આ મંદિરને બૌદ્ધ મંદિર તરીકે પણ માનવામાં આવે છે. પરંતુ હકીકતમાં તે ભગવાન શિવનું મંદિર છે. મંદિરના પ્રાંગણમાં પણ વિશાળકાય નંદીની મૂર્તિ ખંડિત અવસ્થામાં પડેલી છે. શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે આ મંદિરની ભવ્યતાના દર્શન પણ લોકો કરી રહ્યા છે. ભગવાન શિવનો અહીં સાક્ષાત વાસ હોવાનું લોકો અનુભવી રહ્યા છે. આ પવિત્ર મંદિર માટે બંને દેશો વચ્ચે સંઘર્ષ અટકે તે જરૂરી છે.

**શ્રાવણ મહિનાના પ્રારંભ સમયમાં જ વિશ્વના સૌથી મોટા શિવ મંદિરના કારણે થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે યુદ્ધનો આરંભ**

## શબ્દ સંજોગ - ૨૦૪૨



**આડી ચાવી :**
(૧) તબલાનાં ચામડા ઉપરનું કાળું વર્તુળ (૩)
(૩) મંદિરના શિખર તરીકે મુકાતો ઘાટ (૩)
(૬) બંદૂકનું અંગ્રેજી કરો (૨)
(૭) વાર, વિલંબ (૨)
(૮) એક ધાતુ (૩)
(૧૦) કદાચ, કદાપિ (૨)
(૧૧) જીવનમાં માની ..... ના તોલે કાંઈ ન આવે (૩)
(૧૩) તંબૂ, પડાવ (૨)
(૧૫) નુકસાન, ગેરલાભ (૨)
(૧૮) અસત્ય, અવાસ્તવિક (૨)
(૧૯) એકજ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૨૧) એક શુભમંગળ પ્રતિક (૩)
(૨૩) બોરનો પર્યાય થયો આ-અ (૩)
(૨૬) પવન (૩)
(૨૭) વેચાણ (૩)
(૨૮) ઘોડિયાની ખોઈ, ઘોડિયું (૨)
(૩૦) ધારવાળું એક ગોળ હથિયાર (૨)
(૩૧) સાચી વાત પર વિશ્વાસ ન મૂકવો (૩)
(૩૨) એક દિવસની મજૂરી (૨)

**ઉભી ચાવી :**
(૧) દિલ, હૈયું (૩)
(૨) મુંબઈનું એક સ્ટેડિયમ (૪)
(૩) લેખણ, દસ્કત (૨)
(૪) એક ગ્રહ (૨)
(૫) પર્વત (૨)
(૭) સોનાની લગડી (૨)
(૯) કાપડું, કાંચળી (૩)
(૧૨) જિલ્લાનો નાનો ભાગ, પરગણું (૩)
(૧૪) શેકસપિયરના એક નાટકનું પાત્ર (૩)
(૧૬) વ્યંગ કે મરોડમાં કહેવું તે, મીઠી ટીકા (૩)
(૧૭) એક વસ્તુને બીજી વસ્તુ પર દાબીને જોરથી આમતેમ ખેંચવી (૩)
(૨૦) હાથીનું બચ્ચું (૪)
(૨૪) જોર, શક્તિ (૨)
(૨૫) એક તંતુવાદ્ય, સારંગી (૩)
(૨૬) અખરોટ, એક સૂકો મેવો (૪)
(૨૭) વાકું (૨)
(૨૯) નહિ જન્મેલું, અનાદિ (૨)

## શબ્દ સંજોગ - ૨૦૪૧ જવાબ

**આડી ચાવી :** (૧) જમેલો (૩) નભાવ (૬) ગદા (૭) ખામણું (૮) ગલા (૯) નજદીક (૧૧) પારકા (૧૩) વાવ (૧૪) જોકર (૧૭) લીમડો (૧૯) વખ (૨૧) દક્ષિણા (૨૩) રીઢો (૨૪) તળ (૨૫) જોમ (૨૭) બાફ (૨૯) ગોવા (૩૦) અનુરાધા (૩૧) દવા.
**ઉભી ચાવી :** (૧) જગ (૨) મેદાન (૩) નમક (૪) ભાણું (૫) શલાકા (૭) ખાદી (૮) ગર (૧૦) જનાજો (૧૧) પાવલી (૧૨) સ્વભાવ (૧૫) કદ (૧૬) રક્ષિત (૧૮) મલાજો (૨૦) ખરીફ (૨૨) ણાળગોધા (ગોળધાણા) (૨૬) મળવા (૨૭) બાબુ (૨૮) ભાનુ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૯૦ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૫૭૫ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૫૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૪૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૩૨૦ | ૪૬૨ |
| તુવેર | ૧૦૭૧ | ૧૩૨૫ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૧૩૦ |
| અડદ | ૧૦૮૧ | ૧૪૭૬ |
| મગ | ૧૩૧૧ | ૧૬૪૧ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૭૬૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૬૫૦ |
| મઠ | ૧૨૦૦ | ૨૨૦૦ |
| વટાણા | ૧૦૧૧ | ૨૧૦૦ |
| રાજમા | ૯૦૦ | ૧૨૮૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૪૪૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૯૨૫ | ૧૧૬૫ |
| તલી | ૧૫૫૬ | ૧૯૯૬ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| અજમો | ૧૦૦૦ | ૨૦૨૬ |
| સુવા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૨૯૪૦ | ૪૦૨૫ |
| લસણ | ૫૨૬ | ૮૮૫ |
| ધાણા | ૧૨૫૨ | ૧૪૬૮ |
| ધાણી | ૧૩૧૦ | ૧૫૫૧ |
| વરીયાળી | ૧૦૫૩ | ૧૪૦૨ |
| જીરૂ | ૩૪૨૫ | ૩૬૧૨ |
| રાય | ૧૨૭૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૧૨૦૫ | ૧૬૦૦ |
| કલોંજી | ૩૯૨૦ | ૪૧૨૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૬૦ |
| રજકાનું બી | ૫૨૨૦ | ૬૩૦૧ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૮૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| પપૈયા | ૧૯૦ | ૨૭૦ |
| બટેટા | ૧૫૦ | ૩૨૧ |
| ડુંગળી સુકી | ૯૫ | ૨૯૦ |
| ટમેટા | ૮૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૧૯૦ | ૪૭૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૬૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૨૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૧૬૦ | ૩૬૦ |
| સરગવો | ૩૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૨૫૦ | ૪૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૬૦ |
| કંટોળા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ગલકા | ૧૬૦ | ૩૦૦ |
| બીટ | ૨૯૦ | ૪૩૦ |
| મેથી | ૩૫૦ | ૭૨૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૪૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૫૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૪૨૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૪૧ | ૧૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૫૩૬ | ૬૩૪ |
| મગફળી જીણી | ૭૧૧ | ૧૦૯૬ |
| સિંગદાણા જાડા | ૧૧૭૧ | ૧૪૬૧ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૮૦૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૭૮૧ |
| કલંજી | ૧૦૦૦ | ૪૦૮૧ |
| ધાણા | ૯૫૧ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૯૯૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૨૬૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૪૫૧ |
| મઠ | ૪૦૧ | ૧૨૦૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૩૧૧ |
| રાયડો | ૯૩૧ | ૧૨૧૧ |
| મેથી | ૭૧૧ | ૯૪૧ |
| સુવાદાણા | ૧૨૭૬ | ૧૩૨૧ |
| કાંગ | ૪૦૬ | ૫૯૧ |
| કારીજીરી | ૨૦૦૧ | ૨૦૦૧ |
| સુરજમુખી | ૧૫૧ | ૬૪૧ |
| મગફળી જાડી | ૭૪૧ | ૧૨૦૬ |
| સફેદ ચણા | ૧૧૯૧ | ૨૧૨૧ |
| મગફળી નવી | ૫૩૧ | ૧૧૧૬ |
| ઇસબગુલ | ૧૧૪૧ | ૧૫૬૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૫૨૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૧૭૧ |
| બાજરો | ૨૫૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૩૧ | ૪૩૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૧ |
| ચણા | ૧૦૨૬ | ૧૨૧૧ |
| વાલ | ૬૫૧ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૮૧૧ | ૧૩૯૧ |
| સોયાબીન | ૬૭૬ | ૮૪૬ |
| ગોગળી | ૬૦૧ | ૧૦૫૦ |
| વટાણા | ૧૦૧૧ | ૨૪૯૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૪૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૮૦૦ |
| કાકડી | ૬૦ | ૬૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૯૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૨૪૦ | ૩૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ફોદીનો પુરા | ૪ | ૮ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૪૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૦૬૦ |
| શિંગ મોટી | ૭૫૦ | ૧૧૨૨ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૫૦૩ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૪૧૦૦ |
| તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૩૨૫ |
| બાજરો | ૩૮૩ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૫૬ |
| ઘઉં લોકવન | ૪૭૮ | ૫૬૪ |
| મગ | ૧૧૫૦ | ૧૫૪૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૨૧૧ |
| ચણા સફેદ | ૧૦૭૧ | ૧૧૭૪ |
| તુવેર | ૧૦૧૫ | ૧૨૮૨ |
| કપાસ | ૯૦૦ | ૧૭૦૦ |
| એરંડા | ૮૦૦૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૩૧૦ | ૩૭૫૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૪૭૫ |
| મેથી | ૮૦૦ | ૯૩૦ |
| સોયાબીન | ૭૫૩ | ૭૨૩ |
| કાંગ | ૪૮૧ | ૫૩૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૧૨૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૪૫૦ |
| શકકરીયા | ૬૫૦ | ૭૫૦ |
| ટામેટા | ૮૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૫૫૦ | ૬૫૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૦૫૦ | ૧૫૦૦ |
| વટાણાં | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૪૫૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૫૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૩૦ |
| શીંગ ઓળા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચા લીલા | ૬૫૦ | ૧૦૩૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૨૩૦ |
| મકાઈ | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૧૦ | ૩૦૦ |
| પાલક | ૬૫૦ | ૭૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૦૫ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૦૭૦ |
| શીંગ દાણા | ૧૨૫૦ | --- |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૦૧૧ |
| જીરૂ | --- | ૩૭૦૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૮૬ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૪૬ |
| બાજરો | ૩૩૦ | ૫૧૫ |
| જુવાર | ૫૦૦ | ૫૮૬ |
| મગ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૫૩ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૩ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૦૭ |
| સોયાબીન | ૭૧૦ | ૮૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૮૦૦ | ૮૦૦ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૧૮૫૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૬૦૦ |
| કપાસ | ૧૨૫૧ | ૧૬૦૧ |
| બાજરો | ૩૫૦ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૬૯ |
| જુવાર | ૫૦૧ | ૯૦૦ |
| મગ | ૧૧૩૪ | ૧૫૩૦ |
| અડદ | ૯૦૧ | ૧૨૧૪ |
| ચણા | ૯૫૧ | ૧૨૨૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ધાણા | ૮૩૦ | ૮૩૦ |
| મેથી | ૬૩૧ | ૬૩૧ |
| સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| કાંગ | ૮૦૦ | ૮૦૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૨૦ | ૧૬૬૦ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૪૫ | ૧૦૯૫ |
| જીરૂ | ૨૮૯૦ | ૩૪૦૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૭૮૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ચણા | ૧૦૦૫ | ૧૨૦૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| ચણા | ૧૧૫૦ | ૧૧૬૦ |
| તલ | ૧૫૫૦ | ૧૬૩૫ |
| ધાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| બાજરો | ૩૨૧ | ૩૨૧ |
| સોયાબીન | ૭૮૫ | ૭૮૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૧૫ |
| ચણા | ૯૫૫ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૭૯૨ | ૮૦૩ |
| કાંગ | ૩૮૦ | ૩૮૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| શીંગ દાણા | ૧૦૩૦ | ૧૩૦૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૧૯૦ | ૧૧૯૦ |
| મગફળી | ૮૫૦ | ૮૬૫ |
| મગ | ૧૩૨૫ | ૧૩૨૫ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી ૨૦ | ૯૫૦ | ૧૧૬૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૨૮ |
| ઘઉં | ૪૭૫ | ૫૪૦ |
| રાઈ | ૧૨૦૦ | ૧૩૮૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૧૩ |
| મગ | ૧૨૫૦ | ૧૭૬૪ |
| ચણા | ૧૧૩૦ | ૧૨૪૮ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૪૦૨૩ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૯ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૨૮ |
| રજકો | ૩૨૦૦ | ૫૧૭૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૩૧ | ૧૬૫૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૬ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૫૬ |
| તુવેર | ૮૦૦ | ૧૨૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૨૧ |
| શિંગ દાણા | ૧૨૦૧ | ૧૩૫૬ |
| શિંગ ફાડા | ૧૧૦૧ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૯૦૧ | ૧૬૯૬ |
| મેથી | ૬૦૧ | ૮૨૬ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૫૪૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૫૦૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૧૬ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૬૫૫ | ૭૫૦ |
| બાજરો | ૩૨૦ | ૪૫૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૩૫ |
| મગ | ૧૪૦૦ | ૧૬૪૦ |
| તુવેર | ૭૦૦ | ૧૦૮૦ |
| ચોળી | ૯૩૫ | ૧૨૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૩૯ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૦૫ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૭ |
| તલ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૮૦ |
| લસણ | ૪૦૦ | ૯૯૦ |
| કપાસ | ૧૧૭૦ | ૧૬૪૫ |
| જીરૂ | ૨૧૭૫ | ૩૫૭૫ |
| અજમો | ૧૧૧૦ | ૨૫૦૫ |
| ધાણા | ૭૫૦ | ૧૪૪૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ડુંગળી સૂકી | ૬૫ | ૨૭૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બંધ કરાયેલી બગસરા મહુવા એસટી બસ ફરીથી શરૂ કરાતા મુસાફરોમાં ખુશીનો માહોલ

**માગણી મુજબની બગસરાથી મહુવાની એસ.ટી. બસ ફરીથી શરૂ કરવામાં આવી**



બગસરા,તા.૨૫

અમરેલી એસ.ટી. ડિવિઝનની બગસરા ડેપોની બગસરા-મહુવા વાયા કંથારિયા, સરોવડા, બારમણ, ચોત્રા, બારપટોળી જેવા ગ્રામ્ય વિસ્તારની એક બસ છેલ્લા ૧૫ વર્ષથી ચાલતી હતી. તે આવકમાં પણ બગસરા ડેપોમાં પ્રથમ હતી, પરંતુ છેલ્લા આઠ માસથી વિવિધ કારણોસર આ બસ બંધ કરી દીધી હતી. પછી અવારનવાર લોકોએ બસ શરૂ કરવા અંગે રજૂઆત કરી હતી. ગ્રામ્ય વિસ્તારના સરપંચોએ ડેપો મેનેજર પુનઃ રજૂઆત કરી ત્યારે તેમણે કંડકટરની ભરતી થઈ છે અને હાજર થાય ત્યારે સર્વપ્રથમ બગસરા ડેપોમાં બગસરા-મહુવાની બસ શરૂ કરાશે તેવી લેખિત બાંહેધરી એક માસ આપી હતી. બે દિવસ પહેલાં કંડક્ટરો હાજર થતા જ ડેપો મેનેજર એન. એસ. ગઢવીએ આપેલું વચન પાળ્યું હતું. આ બસ ફરીથી શરૂ થતાં સ્થાનિકોમાં ખુશી વ્યાપી હતી.

# અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ૪૦૦થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓએ આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું



અમરેલી,તા.૨૫

ભવ્ય અનુભૂતિ દિવ્ય અનુભવના ભાગ રૂપે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સી.ઈ.ઓ. કોઠીયાના નેજા હેઠળ જિલ્લાની ૭૨ શાખાઓના ૪૦૦થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓએ જીવનના ઉદ્દેશ્યને સમજવા પ્રેરણા મેળવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દરેક વ્યક્તિને પોતાના જીવનનો સાચો માર્ગ સમજાવવાનો હતો. મુંબઈથી આવેલા ઈન્ટરનેશનલ સ્પીકર બ્ર.કુ. સ્વામીનાથનજીએ મેડિટેશનનું મહત્વ સમજાવ્યું અને આધ્યાત્મિક જીવન કેવી રીતે જીવવું તે વિશે વિગતવાર જાણકારી આપી. આ કાર્યક્રમમાં ડેપ્યુટી કલેકટર નાગિયાર, શીતલ આઈસ્ક્રીમના એમ.ડી. ભુપતભાઈ ભુવા, સંજોગ ન્યૂઝના માલિક વસંતભાઈ મોવલીયા, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સી.ઈ.ઓ. જનરલ મેનેજર કોઠીયા, આર.બી.આઈ. બેંકના જનરલ મેનેજર રાજમલ, મધ્યસ્થ બેંકના એડીશનલ મેનેજર અશોકભાઈ ગોંડલીયા, ડીરેક્ટર ભાવનાબેન ગોંડલીયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાદીદીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન બ્ર.કુ. ક્રિષ્નાદીદીએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગટરનું કામ શરૂ, રહેણાંક વિસ્તારને ગંદકી અને પાણી ભરાવાથી મળશે મુક્તિ

કોડીનાર,તા.૨૫



તસવીર : અનીલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે કુમાર પ્રાથમિક શાળાની પાછળના રહેણાક વિસ્તારમાં નવી ગટર લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ડોળાસાની કુમાર પ્રાથમિક શાળાના પાછળના ભાગથી લઈ રામનગર વિસ્તાર સુધી નવી ગટર લાઈનનું કામ હાથ ધરાયું છે. ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થતો હતો, જેના કારણે ગંદકી પણ ફેલાતી હતી. હવે આ ગટરનું કામ પૂરું થયે આ વિસ્તારોના રહિશોને આ સમસ્યામાંથી છુટકારો મળશે. ડોળાસા ગ્રામ પંચાયત દ્વારા ૧૫મા નાણાપંચમાંથી ગટર યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

# અમરેલીથી સોમનાથ બસ સેવાને લીલીઝંડી આપતા કૌશિક વેકરીયા

**ધારાસભ્યએ મુસાફરોને પડતી મુશ્કેલીઓ દુર કરવા અધિકારીઓને સૂચના આપી**



અમરેલી,તા.૨૫

અમરેલીથી સોમનાથ શ્રાવણ માસ નિમિત્તે નવી એસ.ટી. બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓની આસ્થાને ધ્યાનમાં રાખીને, આ બસ સેવા શરૂ થતા સોમનાથ દર્શનાર્થે જતા ભાવિકોમાં આનંદ છવાયો છે. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા આ બસને લીલી ઝંડી બતાવી શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે, અમરેલી એસ.ટી. બસ ડેપોની પણ મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન, ડેપો પર ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને લોકો સાથે વાતચીત કરીને તેમની મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવવામાં આવી. અધિકારીઓને આ મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યા હતા.

# રાજ્યના પંચાયત વિભાગ દ્વારા વર્ગ-૩ના ૧૪૩૩ સીધી ભરતીના કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલીના આદેશ

ગાંધીનગર,તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહીવટમાં પારદર્શિતા અને કાર્યદક્ષતા વધુ વેગમાન બનાવવા કર્મચારીઓની બદલીઓ ઓનલાઈન પદ્ધતિથી કરવા માટેનું વિઝન અપનાવ્યું છે. પંચાયત વિભાગે આ વિઝનને સાકાર કરતાં વર્ગ-૩ના સીધી ભરતીના કર્મયોગીઓની સમગ્ર બદલી પ્રક્રિયા ઓનલાઈન અને વેબ પોર્ટલના માધ્યમથી સંપૂર્ણ પારદર્શિતા સાથે હાથ ધરી છે. આ ઓનલાઈન બદલી પ્રક્રિયામાં પંચાયત સેવાના ૨૨ જેટલા સંવર્ગના વર્ગ-૩ના કુલ ૧૪૩૩ સીધી ભરતીના કર્મયોગીઓની આંતર જિલ્લા ફેરબદલીના આદેશો પંચાયત વિભાગે કર્યા છે. આંતર જિલ્લા ફેરબદલીમાં યોગ્ય કર્મચારીઓને લાભ મળે તથા પારદર્શિતા જળવાય તેવા કર્મચારી હિતકારી અભિગમ સાથે સીધી ભરતીના આ વર્ગ ૩ ના પંચાયત સેવાના કર્મયોગીઓનો આંતર જિલ્લા ફેરબદલીનો પહેલો રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યો છે.

# રીબડામાં અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ પર બુધવારે મોડી રાત્રે ફાયરિંગ

ગોંડલ,તા.૨૫



ગોંડલ પંથકમાં હમેંશા ચર્ચામાં રહેતા રીબડા ગામે અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ પર બે બુકાનીધારી શખ્સોએ બુધવારે મોડી રાત્રે બાઈક પર આવીને ફાયરિંગ કરતાં ખળભળાટ મચ્યો છે. એક રાઉન્ડ ફાયરિંગ કરી નાસી જનાર બંને શખ્સો વિરુદ્ધ તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે તેમને પકડવા તજવીજ હાથ ધરી છે. આ બનાવ અંગે ગોંડલનાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા સામે ફરિયાદમાં શંકા વ્યક્ત કરાઈ હતી. પરંતુ બનાવની થોડી મિનિટોમાં હાર્દિકસિંહ જાડેજા નામનાં વ્યક્તિએ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો વાયરલ કરી ફાયરિંગની જવાબદારી સ્વીકારતા તેમાં જયરાજસિંહને કોઈ લેવાદેવા નહી હોવાનું સ્પષ્ટ થયુ હતું. આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી ન હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આ હાર્દિકસિંહ જાડેજા ભાવનગર જિલ્લાના અડવાળ ગામનો વતની હોવાનું સામે આવ્યું છે. અગાઉ તે હત્યાના ગુનામાં પકડાઈ ચુક્યો હોય અને તે ગુનામાં પેરોલ મેળવી ભૂગર્ભમાં ઉતરી ગયાનું પણ જાણવા મળી રહ્યું છે. પોલીસે હાલ તેની શોધખોળ શરૂ કરી છે.

# ઉના-ભાવનગર રોડ પર કાર સાથે અકસ્માતમાં બાઈકચાલકનું મોત

**પોલીસે કારચાલક સામે કડક કાર્યવાહી હાથ ધરી**

ઉના,તા.૨૫

ઉના-ભાવનગર રોડ પર રાત્રિના સમયે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. અમદાવાદ પાસિંગની હોન્ડા સિટી કાર GJ ૦૧ RD ૭૬૦૩ ઉના તરફથી ભાવનગર તરફ જઈ રહી હતી.



તે સમયે ઉનાના નેસડા ગામના ૩૦ વર્ષીય રમેશભાઈ ભાણાભાઈ ગોહિલ પોતાની બાઈક (GJ ૧૧ BA ૩૯૯૬) પર રોંગ સાઈડમાં આવી રહ્યા હતા. અચાનક બાઈક અને કાર વચ્ચે ધડાકાભેર અથડામણ થઈ હતી. બાઈકચાલક રમેશભાઈ ઉછળીને કારની પાછળની દિશા તરફ ફંગોળાઈ ગયા હતા. તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું. અકસ્માતની ઘટના બનતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. યુવાનને મૃત હાલતમાં સરકારી હોસ્પિટલે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. ઉના પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી હતી અને કારચાલકને પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો.

# દાહોદની SBIની બે બ્રાન્ચમાં રૂ.૫.૫૦ કરોડનું કૌભાંડ : ૧૮ લોકોની ધરપકડ

દાહોદ,તા.૨૫



દાહોદમાં દેશની સૌથી પ્રતિષ્ઠિત અને સુરક્ષિત ગણાતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી લોન કૌભાંડ સામે આવ્યું છે. જેમાં સ્ટેટ બેંકની બે અલગ અલગ બ્રાન્ચમાં એજન્ટોએ અગાઉના બેંક મેનેજર સાથે મળી બોગસ પગાર સ્લીપ તેમજ બનાવટી દસ્તાવેજોના આધારે બેંકના તમામ નીતિ નિયમોને નેવી મૂકી અધધ કહી શકાય તેટલી રૂ.૫.૫૦ કરોડની લોન આપી છેતરપિંડી કરી હોવાનું બેંકના ઓડિટ રિપોર્ટમાં સામે આવ્યું છે. બેંક મેનેજર, એજન્ટો સહિત ૩૦ જેટલા લોકો સામે નામજોગ ગુના દાખલ કરી બંને બ્રાન્ચના મેનેજર, બે એજન્ટો તેમજ લોનધારકો મળી કુલ ૧૮ લોકોની ધરપકડ કરી છે.

# વેરાવળમાં દશામાના વ્રતનો પ્રારંભ : ભક્તિમય માહોલ છવાયો

વેરાવળ,તા.૨૫



વેરાવળ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી અમાસ અને દિવાસાના પવિત્ર દિવસથી દશામાના વ્રતનો પ્રારંભ થયો છે. આગામી દસ દિવસ સુધી, બહેનો દ્વારા દશામાની પૂજા-અર્ચના, આરતી અને રાત્રિના સમયે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવશે, જેથી શહેરમાં ભક્તિમય માહોલ છવાયો છે. આ દસ દિવસીય તહેવારને હિન્દુ સમાજના ભાઈઓ અને બહેનો દ્વારા ભારે ધામધૂમથી ઉજવવામાં આવે છે. શ્રાવણ સુદ દશમના દિવસે વહેલી સવારે ઢોલ-નગારા અને ડીજેના તાલે દશામાની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે.

# રાજકોટ શહેરમાં દસ્તાવેજો વગર નકલી આધારકાર્ડ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

રાજકોટ,તા.૨૫



રાજકોટ શહેરમાં આધારકાર્ડમાં કોઈપણ દસ્તાવેજો વગર ચેડાં કરવાનું કૌભાંડ ઝડપાયું છે. રાજકોટના રૈયા રોડ પરથી પોલીસે ૬ શખ્સને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીઓ આધારકાર્ડ માટેના જનસેવા કેન્દ્રમાં કોઈપણ વ્યક્તિના આધાર પુરાવા વગર ફોટોશોપની મદદથી ફેરફાર કરીને તેનું વેરિફિકેશન કરાવી આપતા હતા. આ ઉપરાંત તેઓ અરજદારો પાસેથી નામ, સરનામું, મોબાઈલ નંબર સહિતની બાબતોના સુધારા માટે ૫૦૦થી ૭૦૦ રૂપિયા વસૂલતા હતા. ૫૮ જેટલા ડોક્યુમેન્ટ કબજે કરી સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વડીયાના સામૂહિક આરોગ્ય કેન્દ્રનું સમારકામ કરાવવા આરોગ્ય મંત્રીને રજૂઆત

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ જુનેદ ડી. ડોડિયાએ વડીયાના સામૂહિક આરોગ્ય કેન્દ્રનું રિપેરીંગ-રિનોવેશન કરવા અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને લેખિતમાં રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, વડીયાના સામૂહિક કેન્દ્રની તા.૨૪/૭/૨૦૨૫ના રોજ વિઝીટ કરી ત્યારે તેમાં રિપેરીંગ અને રિનોવેશન કરવાની તાત્કાલિક જરૂરીયાત છે તેવું જણાયું હતું. પે એન્ડ યુઝ શૌચાલયમાં ગાબડા, બારીઓ તૂટેલી છે તેમજ ચોમાસામાં અનેક રૂમમાં પાણી ટપકે છે. મેઈન દરવાજામાં સ્લેબમાં સળીયા દેખાવા લાગ્યા છે. આવા ૨૫ જેટલા મુદ્દાઓ છે. જે આ પત્ર સાથે વડીયા સામૂહિક કેન્દ્રના અધિક્ષક દ્વારા તા.૨/૬/૨૦૨૫ના રોજ રજૂઆત કરેલ તે બિડાણમાં છે. તેમણે જો આ કાર્ય ઝડપથી નહિ કરવામાં આવે તો આંદોલન કરવાની પણ ચીમકી આપી હતી. આ અંગે મુખ્યમંત્રી, જિલ્લા કલેક્ટર અને નાયબ કાર્યપાલક ઈજનેર, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટ યુનિટ, અમરેલીને રજૂઆત કરવામાં આવી છે.

# ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ માટે મોબાઈલ મેડિકલ વાનનું પ્રસ્થાન કરાવ્યું

ગાંધીનગર,તા.૨૫



રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ માટે મોબાઈલ મેડિકલ વાનોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આદિવાસીઓના સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી વર્ષ નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખા અને આરઈસી ફાઉન્ડેશન, દિલ્હીના સંયુક્ત ઉપક્રમે નવી પહેલ કરાઈ હતી. વાસ્તવમાં મુખ્યમંત્રીના હસ્તે પ્રસ્થાન થયેલ ડોક્ટર, નર્સ, ફાર્માસીસ્ટ તથા ડ્રાઈવર સહિતની તાલીમ પામેલ ટીમ ધરાવતી મોબાઈલ મેડિકલ વાન ચેક-અપ, વિનામૂલ્યે દવા તથા સારવાર આપશે. મુખ્યમંત્રીએ આદિજાતિ પ્રભુત્વ અને અંતરિયાળ ગામો-જિલ્લાઓ પૈકી ડાંગ, દાહોદ, સાબરકાંઠા તથા અરવલ્લી માટે આરઈસી ફાઉન્ડેશન, દિલ્હીના સહયોગથી તૈયાર થયેલ મોબાઈલ મેડિકલ યુનિટને અમદાવાદથી લોકાર્પણ કર્યા હતા. સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે આદિજાતિ વિસ્તારના દરેક ઘર સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે આ સેવાકીય પહેલ હાથ ધરવામાં આવી છે.


**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં. 58\2025

**પ્રતિ**
શ્રી કાંતિભાઈ પુનાભાઈ લાડુમોર,
રહે. સણોસરી, ગામ-સણોસરી, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.જી. સોસા ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સણોસરી, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **સણોસરી** ગામના રહીશ કાંતિભાઈ પુનાભાઈ લાડુમોર તથા ચતુરાબેન કાંતિભાઈ લાડુમોરના પુત્ર લાલજીભાઈ કાંતિભાઈ લાડુમોરનો જન્મ તારીખ **18/03/1997** ના રોજ ગીરગઢડા તાલુકાના **સણોસરી** ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સણોસરી, તાલુકો-ગીરગઢડા સને.1997 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. /૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

**સહી,**
**(જી.કે.વાળા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ગીરગઢડા**

# કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાની ચર્ચા વચ્ચે સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર દિલ્હી પહોંચ્યા


નવીદિલ્હી,તા.૨૫



કર્ણાટકમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના ૫ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. આ દરમિયાન, સિદ્ધારમૈયા અને તેમના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર ફરી એકવાર દિલ્હી પહોંચી ગયા છે. પ્રશ્ન એ છે કે સિદ્ધારમૈયા પોતાનો કાર્યકાળ પૂર્ણ કરશે કે ડીકે શિવકુમારને તક મળશે? આ પ્રશ્ન કર્ણાટકના રાજકારણમાં ગુંજતો રહ્યો છે. સિદ્ધારમૈયા પોતાના બીજા કાર્યકાળમાં કર્ણાટકના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેલા દેવરાજ ઉર્સનો રેકોર્ડ તોડવાની અણી પર છે. ઉર્સે ૭.૬ વર્ષ (૨,૭૯૨ દિવસ) સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી. સિદ્ધારમૈયા ૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં આ રેકોર્ડ તોડી શકે છે. એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસમાં સત્તા વહેંચણીનો એક કથિત ફોર્મ્યુલા છે, જેના હેઠળ ડીકે શિવકુમારને અઢી વર્ષ પછી મુખ્યમંત્રી બનાવી શકાય છે. જોકે, કોંગ્રેસે આ ફોર્મ્યુલાની સત્તાવાર પુષ્ટિ કરી નથી. સિદ્ધારમૈયા અને શિવકુમાર ગુરુવારે દિલ્હી પહોંચ્યા છે. જૂન પછી આ તેમની દિલ્હીની ત્રીજી મુલાકાત છે.

# ઈન્દિરા ગાંધીને પાછળ છોડી નરેન્દ્ર મોદી વધુ દિવસો સુધી પ્રધાનમંત્રી રહેવામાં બીજા નંબરે

નવીદિલ્હી,તા.૨૫



પીએમ મોદીએ સતત વડાપ્રધાન પદ સંભાળવાની બાબતમાં ઈન્દિરા ગાંધીને પાછળ છોડી દીધા છે. વાસ્તવમાં, ઈન્દિરા ગાંધીએ ૪૦૭૭ દિવસ સુધી સતત વડાપ્રધાન પદ સંભાળ્યું હતું. પીએમ મોદીએ તેમને પાછળ છોડી દીધા છે. આ સાથે, તેઓ હવે બીજા વડાપ્રધાન બન્યા છે, જે આટલા લાંબા સમય સુધી સતત વડાપ્રધાન રહ્યા. હાલમાં, પીએમ મોદીનો કાર્યકાળ હજુ પણ ચાલુ છે. જોકે, ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હજુ પણ આગળ છે. તે જ સમયે, સ્વતંત્ર ભારતમાં જન્મેલા પ્રથમ વડાપ્રધાન, મોદી સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા બિન-કોંગ્રેસી વડાપ્રધાન પણ છે. હકીકતમાં, નરેન્દ્ર મોદીએ શુક્રવારે ઈન્દિરા ગાંધીને પાછળ છોડીને સૌથી લાંબા સમય સુધી ભારતના વડાપ્રધાન પદ સંભાળનારા બીજા વ્યક્તિ બન્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે પીએમ મોદીએ શુક્રવારે તેમના કાર્યકાળના ૪,૦૭૮ દિવસ પૂર્ણ કર્યા. ઈન્દિરા ગાંધી ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ થી ૨૪ માર્ચ ૧૯૭૭ સુધી સતત ૪,૦૭૭ દિવસ વડાપ્રધાન રહ્યા હતા. નરેન્દ્ર મોદીએ સતત ત્રણ લોકસભા ચૂંટણીમાં તેમના પક્ષને વિજય અપાવવાના જવાહરલાલ નેહરુના રેકોર્ડની બરાબરી કરી છે. નરેન્દ્ર મોદી ૨૦૦૧ માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને વડાપ્રધાન પદ સંભાળતા પહેલા ૨૦૧૪ સુધી આ પદ પર રહ્યા. તે જ સમયે, સ્વતંત્રતા પછી જન્મેલા પ્રથમ વડાપ્રધાન, નરેન્દ્ર મોદી સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા બિન-કોંગ્રેસી વડાપ્રધાન પણ છે.

# યોગી સરકારના મંત્રી પ્રતિભા શુક્લાના પોતાની જ પોલીસ સામે ધરણા

લખનૌ,તા.૨૫

યુપી સરકારના મંત્રી પ્રતિભા શુક્લા જિલ્લાના અકબરપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ સામે ધરણા પર બેઠા હતા. જોકે, હવે તેમણે ધરણા સમાપ્ત કરી દીધા છે. તેમ છતાં તેમનો વિરોધ હેડલાઈન્સમાં રહે છે. વાસ્તવમાં, મંત્રી પ્રતિભા શુક્લા તેમના કાર્યકરો સામે નોંધાયેલા એસસી એસટી એક્ટ કેસની તપાસ સાથે કોટવાલ અને ચોકી ઈન્ચાર્જને હટાવવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન પર હતા. તેઓ અકબરપુર પોલીસ સ્ટેશનમાં છ કલાક સુધી ધરણા પર બેઠા હતા. મોડી સાંજે, જિલ્લા અધિકારીઓ દ્વારા તપાસના આશ્વાસન પર પ્રતિભા શુક્લાએ વિરોધ પ્રદર્શન સમાપ્ત કર્યું. દરમિયાન, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે યોગી સરકારના મંત્રીના પોતાના જ પોલીસ સામેના વિરોધ પર કટાક્ષ કર્યો છે. ખરેખર, અકબરપુર વિસ્તારના બાદલપુરમાં પોલીસ લાઈન પાછળ ધારાસભ્ય ભંડોળમાંથી રસ્તાનું બાંધકામ થઈ રહ્યું છે. સ્થાનિક કાઉન્સિલર દ્વારા તેને અટકાવી દેવામાં આવ્યું હતું.

# ગોવામાં ફેક્ટરી કામદારો હવે ૧૦ કલાક ફરજ પર રહેશે, વિધાનસભામાં બિલ પસાર થયું

પણજી,તા.૨૫



ગોવામાં ફેક્ટરી કામદારોએ હવે ૯ કલાકને બદલે ૧૦ કલાક ડ્યુટી કરવી પડશે. વાસ્તવમાં, ગોવા વિધાનસભાએ ગુરુવારે મોડી રાત્રે ફેક્ટરીઓમાં કર્મચારીઓ માટે કામના કલાકો ૯ થી વધારીને ૧૦ કલાક કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. સુત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાં 'વ્યવસાય કરવાની સરળતા' ને પ્રોત્સાહન આપવા અને ઔદ્યોગિક નિયમોને વધુ સરળ અને મૈત્રીપૂર્ણ બનાવવાના ઉદ્દેશ્યથી આ પગલું લેવામાં આવ્યું છે. સમાચાર અનુસાર, રાજ્યના ફેક્ટરી અને બોઈલર્સ મંત્રી નીલકંઠ હાલારંકર દ્વારા ગૃહમાં 'ફેક્ટરી (ગોવા સુધારો) બિલ' રજૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તાવ હેઠળ, કેન્દ્ર સરકારના ફેક્ટરી કાયદાની કલમ ૫૪ માં સુધારો કરીને ગોવામાં પુખ્ત કર્મચારીઓ માટે દૈનિક કામના કલાકોમાં એક કલાકનો વધારો કરવામાં આવશે. આ ઉપરાંત, કલમ ૬૫ માં સુધારો કરીને ત્રિમાસિક ધોરણે ઓવરટાઈમની મહત્તમ મર્યાદા ૧૨૫ કલાકથી વધારીને ૧૪૪ કલાક કરવાની જોગવાઈ પણ ઉમેરવામાં આવી છે.

# પીએમ મોદી દરેક બાબતમાં, ખાસ કરીને સંસદમાં જૂઠું બોલે છે : ખડગે

નવીદિલ્હી,તા.૨૫

કોંગ્રેસ શુક્રવારે દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં ઓબીસી નેતૃત્વ ભાગીદારી ન્યાય સંમેલનનું આયોજન કરી રહી છે. કાર્યક્રમને સંબોધતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે રાહુલ ગાંધી પછાત અને દલિતો માટે લડે છે. જો આપણે લોકસભા ચૂંટણીમાં ૩૦ વધુ બેઠકો જીતી હોત, તો આપણે સત્તામાં હોત. પીએમ મોદી પર કટાક્ષ કરતા ખડગેએ કહ્યું કે 'તેઓ જૂઠાઓના નેતા છે. તેમનું એકમાત્ર કામ જૂઠું બોલવાનું છે. તેઓ જૂઠું બોલ્યા તે બે કરોડ નોકરીઓ આપશે. તેઓ જૂઠું બોલ્યા કે તે દેશમાં કાળું નાણું પાછું લાવશે અને પૈસા આપશે, તેઓ તે વિશે પણ જૂઠું બોલ્યા. તેઓ એમએસપી વિશે જૂઠું બોલ્યા. તેઓ ઓબીસી વર્ગની આવક વધારવા વિશે પણ જૂઠું બોલ્યા. પીએમ મોદી દરેક બાબતમાં જૂઠું બોલે છે. તેઓ તેમના જીવનમાં, ખાસ કરીને સંસદમાં જૂઠું બોલે છે.

# ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે, આપણી તૈયારીનું સ્તર ઊંચું હોવું જોઈએ : સીડીએસ જનરલ અનિલ ચૌહાણ


નવીદિલ્હી,તા.૨૫



ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણે ઓપરેશન સિંદૂર પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે. દેશની લશ્કરી તૈયારીના પાસા પર, તેમણે કહ્યું કે આપણી તૈયારીનું સ્તર ખૂબ ઊંચું હોવું જોઈએ. તૈયારીઓ એવી હોવી જોઈએ કે આપણે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ તૈયાર રહીએ. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આયોજિત સંરક્ષણ સેમિનાર દરમિયાન, સીડીએસ જનરલ ચૌહાણે કહ્યું કે યુદ્ધના ઉભરતા સંજોગોમાં, ભવિષ્યના સૈનિકને માહિતી અને ટેકનોલોજી તેમજ લડાઈ કૌશલ્યના મિશ્રણથી સજ્જ હોવા જોઈએ જે યોદ્ધા જેવા હોય. તેમણે કહ્યું કે સેના માટે 'શસ્ત્ર' (યુદ્ધ) અને 'શાસ્ત્ર' (જ્ઞાન) બંને શીખવા જરૂરી છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આધુનિક યુદ્ધની બદલાતી વ્યૂહરચના પર પણ ઘણી વાતો કહી. તેમણે કહ્યું કે આજની લડાઈઓ પરંપરાગત સીમાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તે પારદર્શક, તીવ્ર, બહુ-ક્ષેત્ર અને તકનીકી રીતે અત્યંત જટિલ બની ગઈ છે. તેમણે તેને ત્રીજી લશ્કરી ક્રાંતિ ગણાવી અને કહ્યું કે આજનું યુદ્ધ હવે બંદૂકો અને ટેન્ક સુધી મર્યાદિત નથી.

# મુંબઈમાં ભારે વરસાદથી જનજીવન ઠપ્પ, ટ્રેન સેવા સૌથી વધુ પ્રભાવિત

મુંબઈ,તા.૨૫



મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં શુક્રવારે સવારે ભારે વરસાદ પડ્યો. સાવચેતી અને વરસાદને કારણે ઓછી દૃશ્યતાને કારણે મધ્ય રેલવેની લોકલ ટ્રેનો મોડી પડી હતી. અધિકારીઓએ જણાવ્યું છે કે વરસાદને કારણે વાહનોની અવરજવર ધીમી પડી ગઈ છે અને પશ્ચિમ રેલવે પર કેટલીક ઉપનગરીય ટ્રેન સેવાઓ પણ પ્રભાવિત થઈ છે. મુંબઈમાં ભારે વરસાદ વચ્ચે, પોલીસે લોકોને ઘરમાં રહેવાની અપીલ કરી છે. હવામાન વિભાગે મુંબઈ અને તેના તમામ પડોશી જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે અને નાગરિકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. પીટીઆઈ અનુસાર, હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન મુંબઈમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. તે જ સમયે, શુક્રવારે રાયગઢ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. શુક્રવાર સવારથી મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. અંધેરી, બોરીવલી, દહિસર, મલાડ, ગોરેગાંવ, કાંદિવલી, સાંતાક્રુઝ, વિલે પાર્લે અને બાંદ્રા જેવા ઉપનગરીય વિસ્તારોમાં સતત ભારે વરસાદ પડી રહ્યો છે.

# યુપીમાં ખેતમજૂરોને દૈનિક ૨૫૨ અથવા મહિને ૬૫૫૨ રૂપિયા પગાર આપવા યોગી સરકારનો નિર્ણય

લખનૌ,તા.૨૫



ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળની સરકારે રાજ્યના કૃષિ કામદારો માટે એક મોટી ભેટની જાહેરાત કરી છે. યોગી સરકારે કૃષિ કામદારોના લઘુત્તમ વેતનમાં વધારો કર્યો છે. યોગી સરકારે કહ્યું છે કે તે કામદારોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. યોગી સરકારે કૃષિ કામદારોના લઘુત્તમ વેતનમાં વધારો કર્યો છે. ખેતમજૂરોને દૈનિક ૨૫૨ રૂપિયા અથવા મહિને ૬૫૫૨ રૂપિયા પગાર મળશે. પશુપાલન, મધમાખી ઉછેર, મશરૂમ ઉત્પાદન જેવા કામોને પણ કૃષિ મજૂરીની શ્રેણીમાં સમાવવામાં આવશે. વેતનની ચુકવણી હવે રોકડ, કૃષિ પેદાશો અથવા ડિજિટલ માધ્યમથી શક્ય બનશે.

# દેશભરમાં મતદાર યાદીની સઘન સુધારણા કરવામાં આવશે, ચૂંટણી પંચ ટૂંક સમયમાં સમયપત્રક જાહેર કરશે

નવીદિલ્હી, તા.૨૫

બિહારમાં ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહેલા મતદાર યાદીના સઘન સુધારણાનો વિરોધ સંસદથી લઈને રસ્તા સુધી વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવી રહ્યો છે. ભારે વિરોધ છતાં, ચૂંટણી પંચે શુક્રવારે એક મોટી જાહેરાત કરી. હકીકતમાં, ચૂંટણી પંચે કહ્યું છે કે દેશભરમાં મતદાર યાદીના સઘન સુધારણાનું કામ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં આ માટેનું સમયપત્રક જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચે ગયા મહિને જ આદેશ જારી કર્યો હતો. ચૂંટણી પંચે ૨૪ જૂને જ આ સંદર્ભમાં આદેશ જારી કર્યો હતો અને કહ્યું હતું કે મતદાર યાદીના સઘન સુધારણાનું આ કાર્ય બંધારણીય ફરજ હેઠળ અને મતદાર યાદીની અખંડિતતા અને સુરક્ષા માટે કરવામાં આવશે. હવે ચૂંટણી પંચે તે શરૂ કર્યું છે.

# મેઘાલય સરકારે લગ્ન પહેલાં એચઆઈવી ટેસ્ટનો કાયદો લાવે તેવી સંભાવના

(એચ.એસ.એલ),શિલોંગ,તા.૨૫




મેઘાલય સરકાર ટૂંક સમયમાં એક નવો કાયદો લાવવાનું વિચારી રહી છે, જેના હેઠળ લગ્ન પહેલાં એચઆઈવી/એઈડ્સ ટેસ્ટ કરાવવો ફરજિયાત બનશે. આરોગ્ય મંત્રી અમ્પારીન લિંગદોહે શુક્રવારે જણાવ્યું હતું કે રાજ્યમાં એચઆઈવી/એઈડ્સ કેસ વધી રહ્યા છે, જેના કારણે આ પગલું ભરવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે મેઘાલયમાં એચઆઈવી/એઈડ્સના કેસોની સંખ્યા દેશમાં છઠ્ઠા ક્રમે છે. પૂર્વોત્તર રાજ્યોમાં આ રોગનું જોખમ સૌથી વધુ છે. આરોગ્ય મંત્રીએ કહ્યું, 'જો ગોવામાં પરીક્ષણ ફરજિયાત બનાવી શકાય છે, તો મેઘાલયમાં આવો કાયદો કેમ ન બનાવી શકાય? આનાથી સમગ્ર સમાજને ફાયદો થશે.' મંત્રીએ કહ્યું કે સરકાર એચઆઈવી/એઈડ્સ સામે કડક કાર્યવાહી કરવા તૈયાર છે.

# ગાઝામાં ભૂખમરાનું ભયંકર સ્વરૂપ, ત્રણ અઠવાડિયામાં ૪૮ લોકોના મોત

(એચ.એસ.એલ),ગાઝા,તા.૨૫



ગાઝામાં ભૂખમરો હવે ભયંકર સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. ઈઝરાયલી નાકાબંધીને કારણે, ખોરાક અને દવાઓની ભારે અછત સર્જાઈ છે, જેના કારણે છેલ્લા ૩ અઠવાડિયામાં ઘણા બાળકો મૃત્યુ પામ્યા છે. ગાઝા શહેરની પેશન્ટ્સ ફ્રેન્ડ્સ હોસ્પિટલમાં પરિસ્થિતિ એટલી ખરાબ છે કે ડોકટરો બાળકોને બચાવવા માટે જરૂરી દવાઓ અને પૌષ્ટિક ખોરાક આપી શકતા નથી. ગયા અઠવાડિયે, ૪ દિવસમાં ૫ નાના બાળકો ભૂખમરાને કારણે મૃત્યુ પામ્યા. આ બાળકો કોઈ રોગથી પીડાતા ન હતા, છતાં તેમની સ્થિતિ એટલી બગડી ગઈ કે તેમને બચાવી શકાયા નહીં. હોસ્પિટલના પોષણશાસ્ત્રી ડૉ. રાણા સોબોહે કહ્યું, 'બાળકો એટલા નબળા થઈ ગયા છે કે તેઓ રડી કે હલનચલન પણ કરી શકતા નથી. પહેલા કેટલાક બાળકો સારવારથી સાજા થઈ જતા હતા, પરંતુ હવે પરિસ્થિતિ વધુ ખરાબ છે. આ એક આપત્તિ છે. દુનિયા સામે બાળકો ભૂખમરાથી મરી રહ્યા છે. આનાથી ખરાબ કંઈ હોઈ શકે નહીં.' ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ અઠવાડિયામાં ભૂખમરાથી ૪૮ લોકો મૃત્યુ પામ્યા છે.

# ફિલિપાઈન્સમાં વરસાદ અને વાવાઝોડાએ ભારે તબાહી મચાવી, ૨૫ લોકોના થયા મોત

(એચ.એસ.એલ),મનીલા,તા.૨૫



ફિલિપાઈન્સમાં ઉષ્ણકટિબંધીય વાવાઝોડાએ તબાહી મચાવી છે. ફિલિપાઈન્સમાં ભારે વરસાદ અને પૂર સાથે ભારે વાવાઝોડાને કારણે ૨૫ લોકોના મોત થયા છે. પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત ગામોમાં મોટી સંખ્યામાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ઉષ્ણકટિબંધીય વાવાઝોડાને કારણે તેના ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં હવામાનની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. ગુરુવારે રાત્રે પંગાસીનાન પ્રાંતના અગ્નો શહેરમાં વાવાઝોડું 'કો-મે' ત્રાટક્યું અને આ દરમિયાન ૧૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનોએ તબાહી મચાવવી શરૂ કરી દીધી. જોકે, હવે ઉત્તરપૂર્વ તરફ આગળ વધતાં, આ વાવાઝોડું ધીમે ધીમે નબળું પડી રહ્યું છે અને શુક્રવારે સવારે તેની ગતિ ઘટીને ૧૦૦ કિમી પ્રતિ કલાક થઈ ગઈ છે. ફિલિપાઈન્સમાં વાવાઝોડાને કારણે થયેલા ભારે વરસાદ અને પૂરથી ભૂસ્ખલન વધ્યું. આનાથી ભયંકર નુકસાન થયું. ગયા સપ્તાહના અંતથી આપત્તિ પ્રતિભાવ અધિકારીઓને ઓછામાં ઓછા ૨૫ લોકોના મોતના અહેવાલો પ્રાપ્ત થયા છે, જેમાંથી મોટાભાગના અચાનક પૂર, ઉખડી ગયેલા વૃક્ષો, ભૂસ્ખલન અને વીજળીના આંચકાને કારણે થયા છે.

# ગાંધીનગરના રાંદેસણમાં હિટ એન્ડ રનની ઘટના, ૪ લોકોના મોત નિપજ્યા

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં ગુરુવારે મોડી રાત્રે એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં ટાટા સફારી કારના બેદરકાર ચાલકે રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લેતાં એક મહિલા સહિત કુલ ચાર લોકોનાં મોત નિપજ્યા છે. આ ઘટનાએ સ્થાનિક સમુદાયમાં આઘાત અને આક્રોશ ફેલાવ્યો છે,



અકસ્માત સર્જનાર ટાટા સફારી કાર નંબરઃ જીજે-૧૮-ઈઈ-૭૮૮૭, જે હિતેશ વિનુભાઈ પટેલના નામે રજિસ્ટર્ડ છે. પોલીસનું કહેવું છે કે, હિતેશ પટેલે જ આ અકસ્માત સર્જ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટના રાંદેસણના મુખ્ય રસ્તા પર રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે ટાટા સફારી કારચાલકે અચાનક ગતિ વધારી અને રસ્તા પર ચાલી રહેલા રાહદારીઓ તેમજ અન્ય વાહનચાલકોને ટક્કર મારી. આ ઘટનામાં એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતુ. દુર્ઘટના બાદ ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરી છે અને ચાલકની શોધખોળ માટે ટીમો ગઠન કરી છે.

# નકલી બિયારણ ધાબડવામાં સામેલ લોકો સામે સખત કાર્યવાહી કરવામાં આવશે : કૃષિ મંત્રી

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૫

રાજકોટમાં નકલી બિયારણના વેચાણનો મામલો સામે આવ્યા બાદ રાજ્યના કૃષિ મંત્રીએ આકરું વલણ અપનાવ્યું છે. ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને નકલી બિયારણના વેચાણને રોકવા માટે કૃષિ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, ''નકલી બિયારણ ચલાવવામાં નહીં આવે અને આવા કૃત્યમાં સામેલ લોકો



સામે સખત કાર્યવાહી કરવામાં આવશે.'' આ ઉપરાંત, રાજકોટ જિલ્લા ખેતીવાડી વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. રાજકોટ જિલ્લા ખેતીવાડી વિભાગે તાજેતરમાં બજારમાંથી બિયારણના નમૂનાઓ એકત્રિત કરી તેનું પરીક્ષણ કર્યું હતું. આ પરીક્ષણમાં ચોંકાવનારી હકીકત સામે આવી છે કે એકત્રિત કરાયેલા નમૂનાઓમાંથી ૧૧ નમૂનાઓ નકલી અથવા ધોરણોને અનુરૂપ ન હોવાનું જણાયું છે. આ ઘટનાએ ખેડૂતોમાં રોષ અને ચિંતા ફેલાવી છે, કારણ કે નકલી બિયારણનો ઉપયોગ ખેતીના ઉત્પાદનને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. કૃષિ મંત્રીએ ખેતીવાડી વિભાગને નિર્દેશ આપ્યા છે કે નકલી બિયારણના વેચાણની ફરિયાદોની તપાસ કરી, જવાબદારોને ઝડપી લેવામાં આવે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવે.




# અમદાવાદ, મોડાસા સહિત દેશના અન્ય શહેરોમાંથી ચાર આતંકીઓને ઝડપી પાડતી એટીએસ

અમદાવાદ,તા.૨૫

૨૩ જુલાઈના રોજ ઈન્સ્ટાગ્રામ પર ડમી એકાઉન્ટ બનાવી દેશવિરોધી પોસ્ટ મૂકી ઉશ્કેરણી કરનારા અલકાયદા ઈન ધ ઈન્ડિયન સબકોન્ટિનન્ટ (AQIS) સાથે જોડાયેલા ચાર આતંકવાદી ઝડપાયા હતા. ગુજરાત ATSની ટીમે અમદાવાદના ફતેવાડી, મોડાસા, દિલ્હી અને નોઈડામાં એકસાથે રેડ પાડીને આ ચારેય આતંકવાદીને દબોચી લીધા હતા. ATSએ સૌથી પહેલા ફતેવાડીના ગુલમહોર



ટેનામેન્ટમાં રહેતા મોહંમદ ફરદીન મોહંમદ રઈસ શેખની ધરપકડ કરી હતી. તેની પાસેથી 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ઈન્સ્ટાગ્રામ પર ઉશ્કેરણી કરતું સાહિત્ય મળ્યું હતું. મોહંમદ ફરદીન પાસેથી અન્ય ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટધારકો વિશે માહિતી એકત્રિત કરીને ATSએ મોડાસાના વિનાયક સિનેમા ભોઈવાડા ખટીકવાડામાં રહેતા સૈફુલ્લાહ કુરેશી મોહંમદ રફીકની પણ ધરપકડ કરી હતી. આ સાથે દિલ્હી અને UPના નોઈડાથી પણ બે આરોપીને ઝડપી પાડ્યાં હતા.

# ગુજરાત હાઈકોર્ટના આદેશના પગલે વિદ્યાસહાયકની ભરતી સ્થગિત કરાઈ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૫

ગુજરાત હાઈકોર્ટના આદેશના પગલે વિદ્યાસહાયકની ભરતી સ્થગિત કરવામાં આવી છે. છઠ્ઠાથી આઠમા ધોરણ સુધીની વિદ્યા સહાયક ભરતી રદ કરવામાં આવી છે. બે દિવસની જિલ્લા પસંદગીની ભરતી પ્રક્રિયા બાદ આ ભરતી સ્થગિત કરવામાં આવી છે. હવે નવી જિલ્લા પસંદગી તારીખ અંગે ફરીથી જાહેરાત કરવામાં આવશે.



રાજ્ય સરકારે હાથ ધરેલી ભરતી પ્રક્રિયાને પડકારતી એક અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટમાં આ અરજી દાખલ કરનારા ઉમેદવારો એમએસસી અભ્યાસ સાથે નોલેજ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા હતા. તેમણે કોર્ટમાં દલીલ કરી હતી કે ભરતી પ્રક્રિયામાં કેટલાક મુદ્દાઓ પર કોઈ સ્પષ્ટતા નથી અથવા તેમના હિતોને અસર થઈ રહી છે. હાઈકોર્ટે આ અરજી પર વિચારણા કરતા ભરતી પ્રક્રિયા પર સ્ટે મૂક્યો હતો. જેના કારણે ભરતી મુલતવી રાખવી પડી હતી. હાઈકોર્ટના આ નિર્ણયથી ભરતી પ્રક્રિયામાં ભાગ લેનારા હજારો ઉમેદવારોમાં મૂંઝવણ ઊભી થઈ છે.

# શ્રાવણ માસનો ભવ્ય પ્રારંભ, સોમનાથ મહાદેવ સહિતના મંદિરોમાં દર્શનાર્થીઓની ભારે ભીડ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૫

૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ, પવિત્ર શ્રાવણ માસનો વિધિવત પ્રારંભ થયો છે, જે દેવાધિદેવ મહાદેવની ભક્તિનો અનન્ય મહિના તરીકે ઓળખાય છે. શ્રાવણ મહિનો હિન્દુ ધર્મમાં ખાસ મહત્વ ધરાવે છે, કારણ કે આ સમય દરમિયાન ભક્તો ભગવાન શિવની આરાધના, ઉપવાસ અને પૂજા-અર્ચનામાં લીન થઈ જાય છે.

આ વર્ષે શ્રાવણના પ્રથમ દિવસે ગુજરાતભરના ભગવાન શિવના મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી હતી,



ગુજરાતના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું. હજારો શ્રદ્ધાળુઓ ''બમ બમ ભોલે''ના નાદ સાથે ભક્તિમાં ડૂબેલા જોવા મળ્યા, જેઓ મહાદેવના દર્શન અને આશીર્વાદ મેળવવા દૂર-દૂરથી પધાર્યા હતા.

સ્ટાફ ની જરૂર છે
કોમ્પ્યુટર ઓપરેટર
સેલ્સમેન
સેલ્સ ગર્લ્સ
અનુભવી તેમજ બિન અનુભવી વ્યકિતઓ એ રૂબરૂ સંપર્ક કરવો
નિલકંઠ જવેલર્સ
(લાઠી વાળા)
માણેકપરા, અમરેલી. (૦૨૭૯૨) ૨૨૩૫૫૭, મો.૯૬૦૧૮ ૯૮૯૮૧/૯૮૨૫૦ ૬૧૭૨૧

# રાજયમાં સાત દિવસ ભારે વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ,તા.૨૫

રાજ્યમાં શરૂઆતમાં ધમાકેદાર બેટિંગ કર્યા બાદ મેઘરાજાએ વચ્ચે થોડો બ્રેક લીધો હતો, જોકે છેલ્લા કેટલાક દિવસથી ફરી વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ માટે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ અને ૨૮ જુલાઈના રોજ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. ૨૬થી ૨૯ જુલાઈ દરમિયાન ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાશે.